

NAVSARJAN SANSKRUTI RNI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 163
Dt.: 19-04-2025, Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### પાંચમી મેના રોજ SCમાં સુનાવણી

## બીરેન સિંહે ભડકાવી હતી મણિપુરમાં હિંસા? લીક થયેલા ઓડિયોનો FSL રિપોર્ટ તૈયાર

### પાર્ટીમાં વધતો બળવો અને નારાજગીને જોઈને એન. બીરેન સિંહે ગત ફેબ્રુઆરીમાં મુખ્યમંત્રી પદથી રાજીનામું આપી દીધું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)મણિપુર

સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારે મણિપુરના વાઈરલ ઓડિયોને લઈને ફોરેન્સિક સાયન્સ લેબોરિટીનો રિપોર્ટ તૈયાર હોવાનું અને વહેલીતકે રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. ઓડિયો ક્લિપમાં પૂર્વ મુખ્યમંત્રી એન. બીરેન સિહનો અવાજ છે અને તેઓ લોકોને હિંસાને લઈને ભડકાવી રહ્યા હોવાનું સાંભળવા મળે છે. જ્યારે કેન્દ્ર સરકારે કહ્યુ હતું કે, રિપોર્ટ તૈયાર છે અને તેને જલ્દી સીલબંધ પરબિડીયામાં કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

સીજેઆઈ સંજીવ ખન્નાની અધ્યક્ષતા વાળી બેન્ચે કેન્દ્ર સરકાર અને રાજ્યના સરકારની તરફથી હાજર થયેલા વકીલની દલીલ સ્વીકારીને સુનાવણી ૫ મે સુધી મુલતવી રાખવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં કુકી માનવાધિકાર સંગઠન (KOHUR) દ્વારા કરવામાં આવેલી અરજીમાં આરોપ લગાવ્યો હતો કે, વાઈરલ ઓડિયો ક્લિપમાં પૂર્વ મુખ્યમંત્રી એન. બીરેન સિંહનો અવાજ છે. પાર્ટીમાં વધતો બળવો અને નારાજગીને જોઈને એન. બીરેન સિંહે ગત ફેબ્રુઆરીમાં મુખ્યમંત્રી પદથી રાજીનામું આપી દીધું હતું. અગાઉ, સુપ્રીમ કોર્ટે મે ૨૦૨૩ માં શરૂ થયેલી જાતીય હિંસામાં બીરેન સિંહની સંડોવણીનો આરોપ લગાવતી લીક થયેલી ઓડિયો ક્લિપની સત્યતા પર CFSLથી સીલબંધ કવરમાં રિપોર્ટ માંગ્યો હતો. KOHUR વતી હાજર રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે બીરેન સિંહની કથિત ભૂમિકાની કોર્ટ-નિરીક્ષણ હેઠળ SIT તપાસની માંગ કરી હતી. એડવોકેટ ભૂષણે કહ્યું હતું કે, એક લેબે પુષ્ટિ કરી હતી કે ૯૩ ટકા સુધી આ બીરેન સિંહનો અવાજ છે અને FSL રિપોર્ટ કરતાં ઘણા વધુ વિશ્વસનીય છે. હકીકતમાં ગયા વર્ષે ૮ નવેમ્બરના રોજ ભૂતપૂર્વ CJI ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે KOHURને લીક થયેલી ઓડિયો ક્લિપ્સની સત્યતા દર્શાવવા માટે સામગ્રી રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. ભૂષણે કહ્યું હતું કે, એ સીડીની એક કોપી ફોર્મેટમાં પણ ફાઈલ કરશે. રેકોર્ડ કરેલી વાતચીત પ્રથમ દ્રષ્ટિએ કુકી સમુદાય સામેની હિંસામાં રાજ્ય મશીનરીની મિલીભગત અને સંડોવણી થઈ હોવાનું સામે આવે છે. ક્લિપમાં હેરાન કરનારી વાત એ છે કે, બીરેન સિંહને હિંસા ભડકાવતા અને હુમલાખોરોનો બચાવ કરતા સાંભળી શકાય છે. મણિપુર છેલ્લા બે વર્ષથી જાતીય સંઘર્ષનો સામનો કરી રહ્યું છે. મે ૨૦૨૩ માં શરૂ થયેલા સંઘર્ષમાં ૨૫૦ થી વધુ લોકોના મોત થયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે. આ તણાવ મુખ્યત્ત્વે ઈમ્ફાલ ખીણમાં રહેતા મૈતઈ સમુદાય અને આસપાસના ટેકરીઓમાં રહેતા કુકી સમુદાયો વચ્ચે છે. ગયા વર્ષે બહુમતી મૈતઈ સમુદાયને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાની માંગણી સાથે એકતા કૂચ પછી ફાટી નીકળેલી જાતીય હિંસા આજે પણ ચાલુ છે.

### ૫ ઈજાગ્રસ્ત, ૨૦ વર્ષીય હુમલાખોરની ધરપકડ કરાઈ

## ફ્લોરિડા યુનિવર્સિટીમાં અંધાધૂંધ ગોળીબાર, બે વ્યક્તિના મોત

### ગોળીબારથી ઈજાગ્રસ્ત ૫ લોકોની સારવાર તલ્હાસી મેમોરિયલ હેલ્થકેર હોસ્પિટલમાં ચાલી રહી છે, જેમાં એક ઈજાગ્રસ્ત વ્યક્તિની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટીમાં એક બંદૂકધારીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં બેના મોત થયા હતા અને પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટી (FSU)માં થયેલા ગોળીબારના આરોપીની ઓળખ ફીનિક્સ ઈકનર તરીકે થઈ છે. 20 વર્ષનો આ યુવાન લિયોન કાઉન્ટી પોલીસ અધિકારીનો પુત્ર છે અને લિયોન કાઉન્ટી શેરિફ ઓફિસ (LCSO) યુવા સલાહકાર પરિષદનો સભ્ય છે. અહેવાલો અનુસાર, ફીનિક્સ ઈકનરે ગોળીબાર માટે તેની માતાની




બંદૂકનો ઉપયોગ કર્યો હતો. પોલીસે યુનિવર્સિટી ઓફ ફ્લોરિડા કેમ્પસમાં ગુનાના સ્થળેથી ગોળીબારમાં વપરાયેલ હથિયાર જપ્ત કર્યુ છે. આ ઘટના બાદ લૉ એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ ઈમારતોને ખાલી કરાવવાનું શરૂ કર્યુ છે. આ ઉપરાંત આસપાસના વ્યવસાયો અને સ્કૂલોને બંધ કરાવવામાં આવી છે. ગોળીબારથી ઈજાગ્રસ્ત 5 લોકોની સારવાર તલ્હાસી મેમોરિયલ હેલ્થકેર હોસ્પિટલમાં ચાલી રહી છે. જેમાં એક ઈજાગ્રસ્ત વ્યક્તિની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટીમાં ગોળીબારની ઘટના અંગેની જાણકારી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આપવામાં આવી હતી. જેના પછીના એક નિવેદનમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતુ કે, 'યુનિવર્સિટીમાં ગોળીબારની ઘટના અને જાનહાનિ દુઃખદ છે. આનો અર્થ એ નથી કે ગન કલ્ચર અંગે કોઈ નવા કાયદા માટે હું હિમાયત કરીશ, કેમકે, મારા મતે ગન ગોળીબાર કરતી નથી પણ લોકો ગોળીબાર કરતા હોય છે.'

### ગુનેગારના મનના છુપાયેલાં હેતુને તપાસ એજન્સી ઘણીવાર બહાર નથી લાવી શકતી

## ગુના માટે હેતુનો અભાવ મુક્તિનો એકમાત્ર આધાર ન હોઈ શકે: SC

### આરોપીએ ઓગસ્ટ ૨૦૨૨ના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પુત્રની હતયા બદલ દોષિત ઠરેલા આરોપીની આજીવન કેદની સજાને યથાવત રાખતાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ગુના માટે હેતુનો અભાવ એ નિર્દોષ છૂટવાનો એકમાત્ર આધાર ન હોઈ શકે. ગુનેગારના મનના છુપાયેલા હેતુને તપાસ એજન્સી ઘણીવાર બહાર લાવી શકતી નથી. જેમ એકમાત્ર મજબૂત ઈરાદાને કારણે કોઈને દોષિત ઠેરવી શકાતો નથી, તેમ ઈરાદાના અભાવથી પણ કોઈ નિર્દોષ છે, તેવું તારણ કાઢી શકાય નહીં.ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા અને કે વિનોદ ચંદ્રન બનેલી ખંઠપીઠે એક પિતા પોતાના એકમાત્ર પુત્રની હતયા કરે તે અસંભવ છે તેવી પિતાની દલીલને બાલિશ ગણાવીને ફગાવી દીધી હતી. અરજદારની બીજી સબળ



દલીલ એ હતી કે પોતાના પુત્રની હતયા માટે કોઈ હેતુ ન હતો. આરોપીએ ઓગસ્ટ ૨૦૨૨ના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે આરોપીને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓનો ઉલ્લેખ કરી ખંડપીઠે અવલોકન કર્યુ હતું કે જો આ કેસ ફક્ત સંજોગોવશાત પુરાવા પર આધારિત હોત તો હેતુનો અભાવ આરોપીની તરફેણમાં મજબૂત દલીલ બની શક્યો હોત. જ્યારે સાક્ષીઓને ખાતરીપૂર્વક નિવેદન આપતા નથી તયારે મજબૂત હેતુ હોય તો પણ કોઈ વ્યક્તિને દોષિત ઠેરવી શકાય નહીં. એ જ રીતે સંજોગો ખૂબ જ પ્રતીતિજનક હોય અને આરોપીના ગુનાના નિષ્કર્ષ તરફ દોરી જાય તેવી અતૂટ કડીઓ હોય તયારે હેતુનો સંપૂર્ણ અભાવ હોય તો પણ કોઈ ફરક પડતો નથી.

ખંડપીઠે ઉલ્લેખ કર્યો હતો કે હેતુ ગુનેગારના મનના આંતરિક ખૂણામાં છુપાયેલો હોય છે, જેને તપાસ એજન્સી ઘણીવાર બહાર લાવી શકતી નથી. આરોપીએ દલીલ કરી હતી કે તેના પુત્રે સ્ક્રુડ્રાઈવરથી પોતાને ઘા મારી આતમહતયા હતી.તપાસમાં બહાર આવ્યું હતું કે નજીકથી છોડવામાં આવેલી બંદૂકની ગોળીની ઈજાને કારણે પુત્રનું મૃતયુ થયું હતું.

### અમેરિકામાં એક લાખ લોકોને કેન્સર થવાની આશંકા

## સીટી સ્કેનના વધુ પડતા ઉપયોગથી કેન્સર થવાની આશંકા : સ્ટડી

### અમેરિકામાં ૨૦૨૩માં ૯.૯૩ કરોડ લોકોની કમ્પ્યુટેડ ટોમોગ્રાફી એટલે કે સીટી સ્કેન કરવામાં આવ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

JAMA ઈન્ટરનલ મેડિસિન નામની પ્રતિષ્ઠિત જર્નલમાં પ્રકાશિત એક અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે, અમેરિકામાં સીટી સ્કેનના કારણે એક લાખ નવા કેન્સરના દર્દીઓ વધવાની આશંકા છે, જેમાં દસ હજાર જેટલા કેસ તો બાળકોના હોઈ શકે છે. અમેરિકામાં ૨૦૨૩માં ૯.૯૩ કરોડ લોકોની કમ્પ્યુટેડ ટોમોગ્રાફી એટલે કે સીટી સ્કેન કરવામાં આવ્યું હતું, જેમાંથી અનેક લોકોને કેન્સર થવાની શક્યતા વધી ગઈ છે. આ આંકડો આલ્કોહોલથી થતા કેન્સર જેટલો જ છે. અમેરિકામાં ૨૦૦૯થી સીટી સ્કેનના કારણે થતા કેન્સરમાં ૩૦%નો વધારો થયો છે.

આ રિસર્ચમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ વ્યક્તિને વારં વાર સીટી સ્કેન કરાવે છે, તો તે વ્યક્તિને કેન્સર થઈ શકે છે. તમને જણાવી દઈએ કે, આ રિસર્ચ કોઅમેરિકામાં દર્દીઓ પર થઈ રહેલા સ્કેનના આધારે કરવામાં આવ્યો છે.

અમેરિકામાં કરવામાં આવેલા આ સંશોધનમાં કહેવામાં આવ્યું છે કે, કેન્સરના કેસમાં ૫ ટકા સીટી સ્કેન કરાવવાના કારણે થઈ શકે છે. આવા લોકોને કેન્સર થવાની આશંકા વધારે છે, જેઓએ તેમના જીવનમાં કેટલીયે વાર સીટી સ્કેન કરાવ્યું હતું. રિસર્ચમાં કહ્યું છે કે, સ્કેન દરમિયાન મશીનમાંથી નીકળતા રેડિયેશન કેન્સરનો ખતરો વધારે છે.

જરુરી નથી કે, સીટી સ્કેન સંપૂર્ણરીતે નુકસાન કારક છે. આ એક ઉપયોગી અને જીવનરક્ષક ટેકનીક છે. પરંતુ જરરિયાતથી વધારે અથવા કોઈ કારણ વગર તેનો પ્રયોગ તમારા આરોગ્ય માટે ખતરો સાબિત થઈ શકે છે. આમ તો ડોક્ટર સામાન્ય રીતે ત્યારે જ સીટી સ્કેન કરાવવી સલાહ આપે છે જ્યારે ખૂબ જરુરી હોય. તેના બદલે તને MRI,અલ્ટ્રાસાઉન્ડ અથવા અન્ય ટેકનિકથી દર્દીના બીમારીની માહિતી મળી શકે છે, તો એવા વિકલ્પ યોગ્ય થઈ શકે છે.

ડોક્ટર દ્વારા જો તમને કોઈ કારણવશ સીટી સ્કેન કરવાની સલાહ આપવામાં આવી હોય તો, ડોક્ટરને જરુર પૂછો કે આના સિવાય કોઈ વિકલ્પ છે કે નહીં.

ડોક્ટરને જૂના સ્કેનની માહિતી આપો, જેથી કરીને બીજીવાર બચી શકાય.

બાળકોના સ્કેનમાં ખાસ ધ્યાન રાખો, ઓછા ડોઝ વાળી ટેકનિકનો ઉપયોગ કરે.

ગર્ભવતિ મહિલાઓ ડોક્ટરની સલાહ વગર ક્યારેય સ્કેન ન કરાવે.

### સરકારે GPS ટોલ કલેક્શનના અહેવાલો પર આપી સ્પષ્ટતા

## પહેલી મેથી બંધ નહીં થાય FASTag સુવિધા

### મંત્રાલયે જણાવ્યું કે હાલ દેશભરમાં ક્યાંય સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સુવિધા લાગુ કરવાની યોજના નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે સત્તાવાર ધોરણે ૧ મે, ૨૦૨૫થી FASTag સુવિધાઓ બંધ થઈ જવાની તેમજ તેના સ્થાને સેટેલાઈટ આધારિત જીપીએસ ટોલ કલેકશનના અહેવાલોને પાયાવિહોણા ગણાવ્યા છે. મંત્રાલયે છેલ્લા ઘણા દિવસોથી ચર્ચિત જીપીએસ આધારિત જીએનએસએસ ટોલ કલેક્શનની વાતો પર સ્પષ્ટતા કરતાં માહિતી આપી છે કે, હાલ આવી કોઈ યોજના નથી. મંત્રાલયે જણાવ્યું કે, હાલ દેશભરમાં ક્યાંય સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સુવિધા લાગુ કરવાની યોજના નથી. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય તથા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ આ મુદ્દે કોઈ નિર્ણય લીધો નથી. ૧ મે, ૨૦૨૫થી FASTag સુવિધાઓ બંધ થવાના અહેવાલો પાયાવિહોણા છે.

સરકારે પરિપત્રમાં જણાવ્યું હતુ કે, સરકાર નવું પડકારમુક્ત ટોલિંગ મિકેનિઝ્મ અપનાવવા વિચારણા કરી રહી છે. જેમાં તે વર્તમાન FASTag ઈન્ફાસ્ટ્રક્ચરને ઓટોમેટિક નંબર પ્લેટ રિકોગ્નિશન (ANPR) ટેક્નોલોજી સાથે એકીકૃત કરવા પર ફોકસ કરી રહી છે. આ એડવાન્સ સિસ્ટમની મદદથી ટોલ પ્લાઝા પર કોઈપણ પ્રકારનો સમય વેડફયા વિના સીમલેસ વ્હિકલ મુવમેન્ટ થઈ શકશે. જેનાથી સમયની બચત અને ટ્રાફિકમાં ઘટાડો થશે. ANPR-FASTag સિસ્ટમ હાઈ-રિઝોલ્યુશન કેમેરા સાથે જોડવામાં આવશે. જે દૂરથી આવતી ગાડીની નંબર પ્લેટ વાંચી FASTagને ઓટોમેટિક ટોલ ટેક્સ વસૂલવા આદેશ આપશે. આ મોડલ હેઠળ વાહનોએ ટોલ બુથમાં રોકાવાની જરૂર પડશે નહીં. અને ઝડપથી ટોલ ટેક્સ ચૂકવાશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, અમે ટોલની ચૂકવણીમાં નિષ્ફળ રહેનારા મોટોરિસ્ટને ઈ-નોટિસ પાઠવીશું. ટોલની ચૂકવણીના નિયમોનો ભંગ કરનારાનું FASTag સસ્પેન્ડ પણ થઈ શકે છે. તેમજ VAHAN સિસ્ટમ હેઠળ અન્ય દંડની જોગવાઈઓનો સામનો પણ કરવો પડશે.

NHAI એ ANPR-FASTag સિસ્ટમના અમલીકરણ માટે બિડ્સ આમંત્રિત કર્યા છે. સરકાર આ સિસ્ટમના પર્ફોર્મન્સ, અસરકારકતા અને યુઝરના ફીડબેકના આધારે સત્તાવાર ધોરણે લાગુ કરશે. ત્યાં સુધી દેશભરના તમામ ટોલ પ્લાઝા પર વર્તમાન FASTag સિસ્ટમ ચાલુ રહેશે. હ્રછજીટ્ટપ્ર યુઝર્સને યુપીઆઈ, નેટ બેંક્કિંગ, અને મોબાઈલ એપ્સ સહિતની વિવિધ પેમેન્ટ ચેનલ્સ મારફત બેલેન્સ રાખવા અપીલ પણ કરી છે. જેથી દંડનો ભોગ બનતાં અટકી શકે.

### મુર્શિદાબાદમાં સ્થિતિ નિયંત્રણમાં હોવાનો સરકારનો દાવો

## મમતા સરકાર ઉશ્કેરણીજનક ભાષણો પર લગામ લગાવે : હાઈકોર્ટ

### મુર્શિદાબાદમાં હિંસાના દિવસે ૧૦ હજાર લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું : મમતા બેનરજી સરકારની કબૂલાત

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં કેન્દ્રીય દળોની તૈનાતી જળવાઈ રહેશે.

આ સિવાય રાજય સરકારે ઉશ્કેરણીજનક ભાષણો પર નિયંત્રણ લાવવાની જરૂરિયાત છે તેમ કલકત્તા હાઈકોર્ટે મમતા સરકારને નિર્દેશ આપ્યા છે. બીજીબાજુ મમતા સરકારે કબૂલ્યું હતું કે, હિંસાના દિવસે અંદાજે ૧૦,૦૦૦ લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું. ઉશ્કેરાયેલી ભીડે પોલીસની પિસ્તોલ પણ આંચકી લીધી હતી.

વક્ફ સુધારા કાયદા વિરુદ્ધ ગયા સપ્તાહે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં ભડકેલી હિંસા પર રાજ્ય સરકારે કલકત્તા હાઈકોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું હતું. મમતા સરકારે કબૂલ્યું કે, હિંસાના દિવસે અંદાજે ૧૦,૦૦૦ લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું.

ઉશ્કેરાયેલા ટોળામાં અંદાજે ૧૦ લોકો પાસે જીવલેણ હથિયાર હાત, જેનાથી પોલીસે તેમના અધિકારીઓને બચાવવા પડયા હતા. રિપોર્ટમાં કહેવાયું કે, અંદાજે ૮,૦૦૦થી ૧૦,૦૦૦ લોકોનું ટોળું પીડબલ્યુડી ગ્રાઉન્ડ પર એકત્ર થઈ ગયું હતું, જેમાંથી ૫,૦૦૦ લોકો ઉમરપુર તરફ આગળ વધ્યા હતા. બેકાબુ થઈ ગયેલા આ ટોળાએ પોલીસ કર્મચારીઓ પર ઈંટ-પથ્થર ફેંક્યા હતા. જોકે, રાજ્ય સરકારે કહ્યું કે, મુર્શિદાબાદમાં સ્થિતિ હાલ નિયંત્રણ હેઠળ છે.

### રશિયા અને યુક્રેનને અમેરિકાનું અલ્ટીમેટમ

## શાંતિ કરાર કરો, નહીંતર અમારે નથી કરવી મધ્યસ્થતા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ઘણા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધ પર પૂર્ણવિરામ મૂકવાનો પ્રયાસ કરી રહેલા અમેરિકાએ હવે કડક શબ્દોમાં બંને દેશોને ચીમકી આપી છે. અમેરિકાએ કહ્યું છે કે, જો યુદ્ધ મુદ્દે સમાધાન નહીં થાય તો તેઓ પાછળ હટી જશે.

પેરિસમાં યુરોપિયન અને યુક્રેનના નેતાઓ સાથે મુલાકાત સમયે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ જણાવ્યું હતું કે, જો શાંતિ કરાર મામલે સ્પષ્ટ સંકેત નહીં મળે તો અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ કરાર માટે વાતચીત કરવાના તમામ પ્રયાસોમાંથી પીછેહટ કરશે.

રૂબિયોએ જણાવ્યું હતું કે, અમે આ શાંતિ કરારનો પ્રયાસ અઠવાડિયા, મહિના સુધી જારી નહીં રાખી શકીશું નહીં. આથી આપણે ઝડપથી નિર્ણય લેવાની જરૂર છે. હું થોડા જ દિવસોની વાત કરી રહ્યો છું. આગામી થોડા સપ્તાહમાં જ નિર્ણય લેવામાં આવશે તો અમે મધ્યસ્થી રહીશું. જો નિર્ણય નહીં લેવાય તો અમે બહાર નીકળી જઈશું. અમારે અન્ય પ્રાથમિકતાઓ પર પણ ધ્યાન આપવુ પડશે. રૂબિયોએ પેરિસમાં યુરોપિયન અને યુક્રેનના નેતાઓ સાથે મુલાકાત બાદ આ નિવેદન આપ્યું હતું.

રૂબિયોએ જણાવ્યું કે, ટ્રમ્પ હજી પણ આ કરારમાં રૂચિ ધરાવે છે. પરંતુ તેમાં કોઈ સફળતા મળી રહી નથી. જેથી તેઓ પીછેહટ કરવા તૈયાર છે. નોંધનીય છે, ટ્રમ્પે પોતાના ચૂંટણી અભિયાન દરમિયાન પોતાના પ્રમુખ બન્યાના ૨૪ કલાકની અંદર યુદ્ધ સમાપ્ત કરવાનું વચન આપ્યું હતું. પરંતુ હજી સુધી આ મામલે કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. અનેક પડકારો વધતાં તેમણે એપ્રિલથી મે સુધીમાં આ યુદ્ધમાં શાંતિ કરાર કરવાની ભલામણ કરી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ રશિયા પર શાંતિ કરાર મંત્રણામાં રોડા નાખી રહ્યું હોવાનો આરોપ મૂક્યો હતો. તેમજ ધમકી પણ આપી હતી કે, જો રશિયા સીઝફાયરના પ્રયાસોમાં રોડા નાખશે તો તેઓ રશિયન ક્રૂડ પર ૨૫થી ૫૦ ટકા ટેરિફ લાદશે.

વધુમાં હાલમાં જ રશિયા દ્વારા યુક્રેનના સુમી શહેરમાં બેલિસ્ટિક મિસાઈલ વડે હુમલાની પણ નિંદા કરી હતી. ટ્રમ્પે આ હુમલાને અયોગ્ય અને નિંદનીય પુરવાર કર્યો હતો. જેમાં ૩૪ લોકો માર્યા ગયા હતાં. તેમજ ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

# તંત્રી લેખ......

## કાયદો બધાથી ઉપર

દેશની રાજનીતિમાં બહુચર્ચિત નેશનલ હેરાલ્ડ કેસ ફરી એક વખત અખબારોના મથાળે ચડ્યો છે, જ્યારે ઈડી દ્વારા કોંગ્રેસના શીર્ષ નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કેટલાક અન્ય નેતાઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવાના વિરોધમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ આખા દેશમાં ઈડીના કાર્યાલયોની બહાર પોતાનો વિરોધ વ્યક્ત કરવા પ્રદર્શનો કરી રહ્યા છે. આ કેસ જે રીતે રાજકીય રંગ લઈ રહ્યો છે, તેનાથી એ તો સ્પષ્ટ છે કે આ માત્ર એક આર્થિક અપરાધની તપાસ માત્ર નથી, બલ્કે આ દેશના લોકતાંત્રિક માળખા, સંસ્થાઓની સ્વતંત્રતા અને નેતાઓની જવાબદારીની પરીક્ષા પણ બની ગયું છે. ઉલ્લેખનીય છે કે નેશનલ હેરાલ્ડ અખબારની સ્થાપના સ્વતંત્રતા સંગ્રામ દરમ્યાન પંડિત જવાહરલાલ નેહરુએ કરી હતી, પરંતુ ૨૦૦૮માં અખબારની આર્થિક ખોટને કારણે તેના પ્રકાશક એજેએલ (એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ)એ કંપની બંધ કરી દીધી હતી. ચાર્જશીટમાં જે વાતો સામે ાવી છે, તે એના તરફ ઈશારો કરે છે કે રાજકીય વગનો ઉપયોગ કરીને કાયદાકીય અને આર્થિક પ્રક્રિયાઓને બાજુ પર રાખીને કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલી યંગ ઈન્ડિયન લિમિટેડને માત્ર ૫૦ લાખ રૂપિયામાં એજેએલની કરોડોની સંપત્તિ સ્થાનાંતરિત કરી દેવામાં આવી.

સવાલ એ છે કે શું આ બધું એક ખાનગી કંપનીને લાભ પહોંચાડવા માટે કરવામાં આવ્યું? વિપક્ષ તેને રાજકીય બદલાની નીતિ ગણાવે તે સ્વાભાવિક છે, કારણ કે ન્યાયિક કેસોને રાજકીય ઢંગથી પતાવવા રાજનેતાઓની આદત થઈ ગઈ છે. વિપક્ષનો તર્ક ત્યારે તો વધુ ખોખલો લાગે છે, જ્યારે તપાસ એજન્સીઓ અદાલતોમાં તથ્યો અને દસ્તાવેજોના આધાર પર પોતાનો પક્ષ રજૂ કરી રહી છે. વિરોધ કરવાનો અધિકાર બધાને છે, પરંતુ એ પણ જરૂરી છે કે કાયદાને પોતાનું કામ કરવા દેવામાં આવે. બધાએ એ સમજવું જોઈએ કે જવાબદારી અને પારદર્શિતા લોકતંત્રની બુનિયાદ હોય છે. સવાલ ઊઠ્યા છે તો તેના જવાબ પણ મળવા જ જોઈએ. જો કોઈ જાહેર જીવનમાં હોય, ત્યારે તો એ વાત વધુ મહત્ત્વપૂર્ણ થઈ જાય છે. જો આરોપ નિરાધાર હોય તો તેનું નિર્ધારણ પણ કાયદો જ કરશે. એ સમજવું પણ જરૂરી છે કે આર્થિક અપરાધ, ચાહે તે કોઈપણ રૂપે હોય, અર્થવ્યવસ્થા અને શાસન વ્યવસ્થાને કમજોર કરે છે. જો સત્તામાં રહી ચૂકેલા શીર્ષ નેતાઓ, ભલે તેઓ ગમે તે રાજકીય પક્ષના હોય, તેમની ભૂમિકા પર સવાલ ઊઠે છે તો તેની ગહન તપાસ થવી જ જોઈએ. જ્યારે પણ આવો કોઈ મામલો આવે તો ઈડીની રીતભાતો પર સવાલો ઉઠતા જ હોય છે, પરંતુ એનાથી કોઈની નિર્દોષતા સાબિત નથી થતી. દરેક જણ ઈચ્છશે કે રાજનીતિમાંથી ભ્રષ્ટાચારનો ખાતમો થાય અને જો આરોપ નિરાધાર હોય તો રાજનેતા બેદાગ થઈને બહાર આવે, પરંતુ તેના માટે તેમણે જરૂરી કાયદાકીય પ્રક્રિયાઓમાંથી પસાર તો થવું જ પડશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : સોનાના વાયદામાં રૂ.૪૨૨ અને ચાંદીના વાયદામાં રૂ.૩૬ની નરમાઈ: ક્રૂડ તેલમાં રૂ.૨નો મામૂલી ઘટાડો

**ગુડ ફ્રાઈડે નિમિત્તે એમસીએક્સ પર બંને સત્રનાં કામકાજ બંધ રહ્યા: ગુરુવારના બંને સત્રમાં મળીને કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૭૮૨૦ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૪૨૦૨ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૮૭૫૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૧૮૯૧ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ગુડ ફ્રાઈડે નિમિત્તે જાહેર રજા હોવાથી બંને સત્રનાં કામકાજ બંધ રહ્યા હતા. ગુરૂવારે મોડી રાત્રે ૧૧-૩૦ વાગ્યા સુધીના સત્રમાં વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૨૨૦૨૮.૧૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૭૮૨૦.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૪૨૦૨.૮૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૨૧૮૯૧ પોઈન્ટના સ્તરે હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૨૩૮.૪૬ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૮૭૫૧.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫૬૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૫૯૩૫ અને નીચામાં રૂ.૯૪૨૭૯ના મથાળે અથડાઈ, રૂ.૯૫૬૬૧ના આગલા બંધ સામે રૂ.૪૨૨ ઘટી રૂ.૯૫૨૩૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૯ વધી રૂ.૭૬૩૬૨ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૦ ઘટી રૂ.૯૫૮૦ થયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬ વધી રૂ.૯૪૮૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫૮૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૫૮૩૦ અને નીચામાં રૂ.૯૪૨૦૫ના મથાળે અથડાઈ, રૂ.૯૫૦૦૦ના આગલા બંધ સામે રૂ.૩૯ ઘટી રૂ.૯૪૯૬૧ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૯૫૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૫૬૫૦ અને નીચામાં રૂ.૯૪૧૪૮ના મથાળે અથડાઈ, રૂ.૯૫૦૩૭ના આગલા બંધ સામે રૂ.૩૬ ઘટી રૂ.૯૫૦૦૧ના ભાવે બોલાયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૬૩ ઘટી રૂ.૯૪૯૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૫૬ ઘટી રૂ.૯૪૯૨૫ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૯૧૩.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો ૨૫ પૈસા વધી રૂ.૮૪૫.૨ના સ્તરે પહોંચ્યો હતો. જસત એપ્રિલ વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૨૪૭.૨ થયો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૪૦ પૈસા ઘટી રૂ.૨૩૦.૬૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૧૦ પૈસા વધી રૂ.૧૭૭.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૬૧૫૨.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૫૩૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૪૦ અને નીચામાં રૂ.૫૩૪૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૧૩ના આગલા બંધ સામે રૂ.૨ ઘટી રૂ.૫૫૧૧ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૦ વધી રૂ.૫૫૨૪ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૧ વધી રૂ.૨૭૮.૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૧૦ પૈસા વધી રૂ.૨૭૮.૭ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૯૧૨.૯ના ભાવે ખૂલી, ૮૦ પૈસા ઘટી રૂ.૯૧૩ થયો હતો. કોટન ખાંડી મે વાયદો ખાંડીદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૫૫૦૩૦ થયો હતો. કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૨૩૪.૯૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૧૬.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૮૬૩.૫૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૮.૨૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૬૩.૬૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૭૮.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૧૮.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૫૩૩.૮૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩.૩૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૩ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૩૮૨૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૪૮૯૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૩૩૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૦૨૭૭૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૩૪૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૨૪૪૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૧૭૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૩૬૪૧૯ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૯૮૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૭૪૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૨૨૦૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૨૦૬૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૧૭૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૫ પોઈન્ટ ઘટી ૨૧૮૯૧ પોઈન્ટના સ્તરે હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૪૦ પૈસા વધી રૂ.૨૬૬.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ ઘટી રૂ.૭.૨ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૯ ઘટી રૂ.૯૦૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧ ઘટી રૂ.૭૯૯.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૮૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૫ પૈસા ઘટી રૂ.૬.૦૫ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૮ પૈસા ઘટી રૂ.૨.૨ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫.૮ ઘટી રૂ.૧૯૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯૫ ઘટી રૂ.૮.૫ થયો હતો. સોનું એપ્રિલ રૂ.૯૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૧.૫ ઘટી રૂ.૭૩૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪.૫ ઘટી રૂ.૧૧૨૫.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૮૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૧૪ ઘટી રૂ.૬.૧૫ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૦.૯૧ના ભાવે બોલાયો હતો.

# ૨ કલાકમાં ઋષિકેશથી કર્ણપ્રયાગનો યોગ

**"આ પ્રોજેક્ટ ના અંતર્ગત ટીબીએમ ટેકનોલોજીનો પહેલી વાર પહાડી વિસ્તાર માં ઉપયોગ થયો છેઃ ૯.૧૧ મીટર વ્યાસવા ળા સિંગલ-શીલ્ડ રોક ટીબીએમ દ્વારા જે ગતિ અને સટીકતા નું પ્રદર્શન કર્યું, તે ભારતના નિર્માણ ક્ષેત્રમાં એક નવું ઉદાહરણ છે" - શ્રી અશ્વિની વૈષ્ણવ, રેલ્વે મંત્રી**

યોગનગરી ઋષિકેશ થી તપોનગરી કર્ણપ્રયાગ નો સફર હવે માત્ર બે કલાકમાં જ પૂર્ણ થવાનો છે. ભારતીય રેલ્વેએ દેવભૂમિમાં 'શિવ' અને 'શક્તિ'ના આશીર્વાદથી દેશની સૌથી લાંબી રેલ્વે ટનલ ના નિર્માણમાં સફળ બ્રેક થ્રુ હાંસલ કરી લીધું છે. ૧૨૫ કિમી થી વધુ લાંબો ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ ઉત્તરાખંડ ના પ્રાકૃતિક સુંદરતા, તીર્થ સ્થળો અને આધ્યાત્મિક મહત્વ ને ફરીથી પરિભાષિત કરવા જઈ રહ્યો છે. યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ ના દર્શન માટે દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ યાત્રા પર નીકળે છે. પરંતુ ભૌગોલિક સંરચના અને મર્યાદિત કનેક્ટિવિટી ને હંમેશા થી મુસાફરો અને સ્થાનિક રહેવાસીઓ માટે પડકારો ઉભા કરે છે. આ પડકારોને દૂર કરવા અને ઉત્તરાખંડના દૂરના વિસ્તારોને રેલ નેટવર્ક સાથે જોડવા માટે, ભારતીય રેલ્વેએ ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ શરૂ કર્યો. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં, કરોડો ભક્તોની ચારધામની મુલાકાત લેવાની ઈચ્છા પૂર્ણ થશે. ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ હિમાલયના મુશ્કેલ અને ભૌગોલિક રીતે સંવેદનશીલ વિસ્તાર (ભૂકંપીય ક્ષેત્ર IV) માં બનાવવામાં આવી રહ્યો છે. આ રેલ લાઈનમાં દેશની સૌથી લાંબી રેલ્વે ટનલ ૧૪.૫૭૭ કિમી (૪૭૮૨૫ ફૂટ) નો સમાવેશ થાય છે, જે દેવપ્રયાગ અને જનાસુ વચ્ચે બનાવવામાં આવી રહી છે. ૧૬ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ઉત્તરાખંડ ના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ૧૪.૫૮ કિલોમીટર લાંબી ટનલ T-8 ના બ્રેકથ્રુનું ઉદ્ઘાટન કર્યું, જે દેશની સૌથી લાંબી રેલ્વે ટનલ છે. આ સિવાય ૩૮ નિયોજિત ટનલ બ્રેકથ્રુમાંથી ૨૮ પૂર્ણ થઈ ગયા છે. પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ૨૦૨૬ ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે, અને ૨૦૨૭ ના મધ્ય સુધીમાં તે સંપૂર્ણપણે કાર્યરત થઈ શકે છે.

આ પ્રોજેક્ટ માં આધુનિક ટેકનોલોજી નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જેમ કે ટનલ બોરિંગ મશીન (TBM) જેણે ટનલ નિર્માણ માં અભૂતપૂર્વ પ્રગતિ હાંસલ કરી છે. ઓગસ્ટ ૨૦૨૪ માં, ટનલ બોરિંગ મશીન 'શિવ' અને 'શક્તિ' એ એક મહિનામાં ૧૦૮૦.૧૧ રનિંગ મીટર ટનલ ખોદીને એક નવો રેકોર્ડ બનાવ્યો. આ પ્રોજેક્ટમાં રેલ બ્રિજ નંબર ૮ એ એન્જિનિયરિંગનો બીજો એક ચમત્કાર છે.

**યોગ થી તપ ની કનેક્ટિવિટી**

ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ ૧૨૫.૨ કિમી લાંબી બ્રોડ ગેજ રેલ લાઈન છે, જે યોગ નગરી ઋષિકેશને કર્ણપ્રયાગ સાથે જોડશે.આ પ્રોજેક્ટ ભારતીય રેલ્વે ના ચાર ધામ રેલ પ્રોજેક્ટનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય ઉત્તરાખંડના ચાર પવિત્ર તીર્થસ્થળોને રેલ નેટવર્ક દ્વારા જોડવાનો છે. આ રેલ્વે લાઈનનો કુલ ખર્ચ ૧૬ હજાર કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. આ પ્રોજેક્ટની સૌથી ખાસ વાત એ છે કે તેનો ૮૩ ટકા ભાગ ટનલમાંથી પસાર થશે, જેમાં ૧૭ મુખ્ય ટનલ અને ૧૨ એસ્કેપ ટનલનો સમાવેશ થાય છે. તેની કુલ લંબાઈ ૨૧૩ કિલોમીટર છે, જેમાંથી ૨૧૩ કિલોમીટરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે.

**જોડાશે આ ૫ જિલ્લા ઓ**

ઋષિકેશથી કર્ણપ્રયાગ સુધી રોડ માર્ગે ૬-૭ કલાક લાગે છે જે હવામાન અને ભૂસ્ખલનને કારણે વધુ વધી શકે છે. ચારધામ રેલ પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવી રહેલી ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ લાઈન આ અંતર લગભગ બે કલાકમાં પૂરું કરશે. આનાથી યાત્રાળુઓ, પ્રવાસીઓ અને સ્થાનિક લોકો માટે મુસાફરી ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક બની જશે.

ઉત્તરાખંડમાં ભારે વરસાદ, હિમવર્ષા અને ભૂસ્ખલનને કારણે રસ્તાઓ ઘણીવાર બંધ થઈ જાય છે. ચોમાસા અને શિયાળા ની ઋતુમાં આવું વારંવાર બને છે. આ પ્રોજેક્ટ નો ૮૩ ટકા ભાગ ટનલ માંથી પસાર થાય છે, જે તેને હવામાન પ્રતિરોધક રાખશે અને સીમલેસ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરશે, જેના કારણે




યાત્રાળુઓ અને પ્રવાસીઓ આખું વર્ષ ચારધામની મુલાકાત લઈ શકશે. આ પ્રોજેક્ટ ઉત્તરાખંડના પાંચ મુખ્ય જિલ્લાઓ-દહેરાદૂન, ટિહરી ગઢવાલ, પૌડી ગઢવાલ, રુદ્રપ્રયાગ અને ચમોલી ને રેલ નેટવર્ક સાથે જોડશે. યોગ નગરી ઋષિકેશ, મુનિ કી રેતી, દેવપ્રયાગ, શ્રીનગર, રૂદ્રપ્રયાગ, ગૌચર અને કર્ણપ્રયાગ જેવા શહેરો અને નગરોને રેલ દ્વારા જોડવામાં આવશે. આનાથી દૂરના પર્વતીય વિસ્તારોના લોકોને આરોગ્ય સેવાઓ, શિક્ષણ, રોજગાર અને બજારો સરળતાથી મળી શકશે. ચારધામ રેલ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથને રેલ નેટવર્ક સાથે જોડવાનો છે.

**આર્થિક અને સામાજિક લાભ**

ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ ઉત્તરાખંડમાં પ્રવાસનને પ્રોત્સાહન આપશે. ચારધામ યાત્રા ઉપરાંત, ઉત્તરાખંડના અન્ય પર્યટન સ્થળો જેમ કે ઋષિકેશ, હરિદ્વાર અને ઔલી સુધી પહોંચવાનું સરળ બનશે. આનાથી સ્થાનિક વેપાર, હોટેલ ઉદ્યોગ અને પરિવહન સેવાઓને પ્રોત્સાહન મળશે અને ઉત્તરાખંડના દૂરના વિસ્તારોમાં નવા વ્યાપાર કેન્દ્રોના વિકાસને પ્રોત્સાહન મળશે. દેવપ્રયાગ, શ્રીનગર, રુદ્રપ્રયાગ અને ગૌચર જેવા શહેરોમાં આર્થિક પ્રવૃત્તિઓ વધશે, જેનાથી સ્થાનિક લોકો માટે રોજગારની તકો ઊભી થશે.

# વર્જિનિયામાં ગેસ સ્ટેશન ચલાવતા પિનાકિન પટેલની ગોળી મારીને હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વર્જિનિયા

અમેરિકાના વર્જિનિયા સ્ટેટમાં વધુ એક ગુજરાતીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે, ડેનવીલ પોલીસના જણાવ્યા અનુસાર ૪૭ વર્ષના પિનાકિન પટેલને ગુરુવારે બપોરે શૂટ કરવામાં આવ્યા હતા. આ ઘટનામાં એરપોર્ટ માર્ટ એક્સોન ગેસ સ્ટેશનની બહાર બપોરે ૧૨.૪૧ મિનિટે શૂટિંગ થયું હોવાની પોલીસને માહિતી મળી હતી, જે ગેસ સ્ટેશનના પાર્કિંગ લોટમાં પિનાકિન પટેલને ગોળી મારવામાં આવી હતી તે જ સ્ટોર સાથે તેઓ સંકળાયેલા હતા. જોકે, તેઓ અહીં જોબ કરતા હતા કે પછી ઓનર હતા તેની કોઈ વિગતો નથી મળી શકી. ગોળી વાગવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પિનાકિન પટેલને પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા પરંતુ ત્યાં તેમનું મોત થઈ ગયું હતું.

પોલીસનું માનવું છે કે ચોરીના ઈરાદે મૃતકને ગોળી મારવામાં આવી હતી અને હાલ આ મામલામાં ૨૧ વર્ષના એક યુવકની શોધખોળ ચાલી રહી છે જેનું નામ જેલિન લોવન જણાવાયું છે. ક્રાઈમ સીન પરથી એક કાર નીકળી હોવાનું પોલીસને જાણવા મળ્યા બાદ તેની લાઈસન્સ પ્લેટના આધારે આરોપીની ઓળખ કરવામાં આવી હતી અને હાલ તેના પર સેકન્ડ ડિગ્રી મર્ડરનો ચાર્જ લગાવાયો છે. પોલીસે આરોપીની માહિતી આપનારાને ૫૦૦ ડોલરનું ઈનામ આપવાની પણ જાહેરાત કરી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ચોરી અથવા લૂંટના ઈરાદે પોતાને ગન બતાવનારા યુવક સાથે પિનાકિન પટેલને ઝપાઝપી થઈ હોવી જોઈએ અને આ દરમિયાન તેમને ગોળી મારવામાં આવી હોય તેવી શક્યતા છે. આ કેસની તપાસ હાલ ચાલુ હોવાથી તેમજ આરોપી પણ હાથમાં ના આવ્યો હોવાના કારણે પોલીસે તેની વધુ કોઈ વિગતો જાહેર નથી કરી, પિનાકિન પટેલ કેટલા વર્ષથી અમેરિકામાં રહેતા હતા, તેમની ફેમિલીમાં કોણ-કોણ છે, ગુજરાતમાં તેઓ મૂળ ક્યાંના હતા તેમજ હાલ તે કયા સ્ટેટસ પર હતા તેની પણ માહિતી નથી મળી શકી તેમજ પોલીસ દ્વારા તેમનો ફોટોગ્રાફ પણ જાહેર નથી કરાયો. ગુજરાતીઓની સારી એવી વસ્તી ધરાવતા અમેરિકન સ્ટેટ વર્જિનિયામાં હજુ ગયા મહિને જ સ્ટોર ચલાવતા ગુજરાતી પિતા-પુત્રીની વહેલી સવારે ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. આ ઘટનામાં મહેસાણાના કનોડા ગામના પ્રદીપ પટેલ અને તેમની દીકરી ઉર્મી પટેલનું મોત થયું હતું.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

**"વિકસિત ગુજરાત, વિકસિત ભારત"ના નિર્માણમાં ગુજરાતની મહિલા ઉદ્યોગકારોની ભૂમિકા નિર્ણાયકઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને FICCI FLOની મહિલા સદસ્યો વચ્ચે ગાંધીનગર ખાતે યોજાયો દ્વિપક્ષીય સંવાદ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી – લેડીસ ઓર્ગેનાઈઝેશન (FICCI–FLO)ની મહિલા સદસ્યો સાથે સંવાદ કર્યો હતો. આ સંવાદ દરમિયાન FICCI FLOના અધ્યક્ષ શ્રી શિવાની પટેલ ઉપરાંત FICCI FLOની મહિલા સદસ્યાઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને મુખ્યમંત્રીશ્રી સાથે વાર્તાલાપ કર્યો હતો.

આ સંવાદ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, "વિકસિત ગુજરાત, વિકસિત ભારત"ના નિર્માણમાં ગુજરાતની મહિલા ઉદ્યોગકારો નિર્ણાયક ભૂમિકા ભજવી રહી છે. ગુજરાતના કોઈપણ સ્થળે મહિલા નીડરતાથી સુરક્ષિત રીતે વેપાર-ઉધ્યો કરી શકે તે પ્રકારની અનેક સુવિધાઓ રાજ્ય સરકારે ઉપલબ્ધ કરાવી છે. રાજ્ય સરકારની મહિલા ઉત્થાનની યોજનાઓ અને નીતિઓને પરિણામે આજે ગુજરાતની અનેક મહિલાઓ ઉદ્યોગ સાહસિક બની રહી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારથી જ તેમણે સર્વગ્રાહી અને સર્વસમાવેશક વિકાસ પર ભાર મૂકીને દરેક ક્ષેત્રે અનેકવિધ નવતર પહેલ કરી છે. તેમણે ઉદાહરણ આપતા ઉમેર્યું હતું કે, જળ સંચય માટે વડાપ્રધાનશ્રીએ "કેચ ધ રેઈન" અભિયાન, સ્વચ્છતાને પ્રાધાન્ય આપવા "સ્વચ્છ ભારત મિશન" તેમજ ગ્લોબલ વોર્મિંગથી બચવા માટે ગ્રીન કવરેજ વધારવા "એક પેડ માં કે નામ" જેવા અનેક અભિયાન તેમણે શરુ કર્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સેમીકંડક્ટર ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવીએ દેશને વિશ્વનું સેમીકોન હબ બનાવવા વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી ગુજરાતમાં સેમીકંડક્ટર ઉદ્યોગોએ રોકાણ કર્યું છે. પરિણામે હવે દેશની સૌપ્રથમ સેમીકંડક્ટર ચીપનું નિર્માણ પણ ગુજરાતમાં જ થશે. આટલું જ નહિ, વર્ષ ૨૦૦૩માં "વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ" જેવા ફ્લેગશીપ કાર્યક્રમનું તેમણે વિચારબીજ વાવ્યું. જેના પરિણામે આજે ગુજરાતમાં વિશ્વના ટોચના ઉદ્યોગોએ ગુજરાતમાં રોકાણ કર્યું છે.

આ ઉપરાંત અન્ય દેશો પર ભારતની નિર્ભરતા ઘટાડવા માટે તેમણે આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયા જેવી આગવી પહેલ કરી છે. જેના પરિણામ સ્વરૂપે આજે સોઈથી લઈને વિમાન સુધીની અનેકવિધ પ્રોડક્ટ્સનું મેન્યુફેક્ચરિંગ દેશમાં જ થઈ રહ્યું છે. રાજ્યમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકાર વધુ સરળીકરણ માટેના પ્રયત્નો કરી રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયાના માધ્યમથી બનતા ગુનાઓ પર નિયંત્રણ લાવવા માટે ગુજરાત સરકારે વિવિધ પ્રયાસો કર્યા છે. આ ઉપરાંત રાજ્ય સરકારે નાગરિકોના ચારિત્ર ઘડતરમાં મદદરૂપ થાય તે પ્રકારે "સાંસ્કૃતિક યોદ્ધા"ની પણ એક આગવી પહેલ શરૂ કરી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, દીકરીઓને યોગ્ય ભણતર આપવા માટે પણ અમારી સરકારે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓના માધ્યમથી રાજ્યની દીકરીઓ તેમના જીવનમાં અનેક નવા આયામો સર કરવા સક્ષમ બની છે.

પહેલાના સમયમાં ગુજરાતના આદિવાસી પટ્ટાની દીકરીઓમાં શિક્ષણનો અભાવ હતો, પરંતુ વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી આજે આદિવાસી વિસ્તારની દીકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, આદિવાસી દીકરીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણી રહી હોવાથી, રાજ્ય સરકારે તેમના વિસ્તારમાં મેડિકલ કોલેજો શરૂ કરીને તેમની વધુ સારી કારકિર્દી બનાવવા માટેના પ્રયાસો કર્યા છે, તેમ તેમણે કહ્યું હતું. મહિલા સ્વાવલંબનના હેતુને વધુ વેગવાન બનાવવા માટે તમારા જેવી મહિલા ઉદ્યોગ સાહસિકોનું યોગદાન મહત્વપૂર્ણ છે, તેમ જણાવી FICCI FLOની મહિલા સદસ્યોને ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારની મહિલાઓને મદદરૂપ થઈ તેમને સ્વાવલંબી બનાવવા માટેના પ્રયાસો કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### કેડાઈની કલ્પના મુજબ પ્રોજેક્ટ ત્રણ વર્ષમાં પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકાર સહયોગ કરવા તત્પર

# મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેડાઈની 'ચેન્જ ઓફ ગાર્ડ સેરેમની-૨૦૨૫' યોજાઈ

**કેડાઈનો આજનો અવસર 'ધ બિગ શિફ્ટ - ફોર ધ લીડર્સ, બાય ધ લીડર્સ'ના કાર્યમંત્રને વડાપ્રધાનશ્રી અને ગૃહમંત્રીશ્રીના દિશાદર્શનમાં સાકાર કરનારો અવસર : મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને પ્રાધાન્ય આપી રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર પણ નિયમ મુજબ નિયત સમયમાં બાંધકામના પ્લાન મંજૂર કરવા તૈયાર છે.

કેડાઈની કલ્પના મુજબ પ્રોજેક્ટ ત્રણ વર્ષમાં પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકાર સહયોગ કરવા તત્પર છે. કેડાઈ તેની નવીન નેશનલ કમિટીમાં ભારતના દરેક ભાગમાંથી એક - એક હોદેદારને જવાબદારી આપીને વડાપ્રધાનશ્રીની 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની કલ્પના સાકાર કરી રહ્યું છે તેમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેડાઈની 'ચેન્જ ઓફ ગાર્ડ સેરેમની-૨૦૨૫' યોજાઈ હતી. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કેડાઈ નેશનલના નવીન પ્રમુખ સહિત સમગ્ર ટીમને વોઈસ મેસેજ દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કર્મઠ ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની જોડીએ ચેન્જ ઓફ ગાર્ડથી કેટલા સ્કેલ અને કેટલી સ્પીડનો વિકાસ થઈ શકે તે દેશ અને દુનિયાને બતાવ્યું છે. કેડાઈનો આજનો અવસર 'ધ બિગ શિફ્ટ - ફોર ધ લીડર્સ, બાય ધ લીડર્સ'ના કાર્યમંત્રને વડાપ્રધાનશ્રી અને ગૃહમંત્રીશ્રીના દિશાદર્શનમાં સાકાર કરનારો અવસર છે. કેડાઈ એ હંમેશા પોલિસી મેકર્સ, ઈન્વેસ્ટર્સ, નાણાંકીય કંપનીઓ, ગ્રાહકો અને રિયલ એસ્ટેટના વ્યવસાયિકો સહિતના તમામ સ્ટેક હોલ્ડર્સને સાથે રાખીને રિયલ એસ્ટેટ ઉદ્યોગને સંગઠિત રાખ્યો છે ત્યારે આ નવી ટીમ પણ ડેવલપર્સ અને તમામ સ્ટેક હોલ્ડર્સ વિન-વિન સિચ્યુએશન સાથે કામ કરીને રિયલ એસ્ટેટ સેક્ટરની પ્રગતિને વધુ નવી દિશા આપશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ સૌના સાથ, સૌના વિકાસનો કાર્યમંત્ર આપીને ગરીબ, મધ્યમવર્ગ, છેવાડાના માણસોના આહાર, આવાસ, આરોગ્ય અને અભ્યાસની ચિંતા કરી છે. કેડાઈ જેવી સંસ્થાઓને પણ હેન્ડ હોલ્ડિંગથી આવા વિકાસકાર્યોમાં તેમણે જોડી છે. વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝન સાથે 'દરેકને ઘર' આપવાના લક્ષ્યને કેડાઈ સાથે જોડાયેલા હજારો ડેવલપર્સ વેગ આપી રહ્યા છે. અર્બન વિસ્તારોમાં વસવાટ કરતા શ્રમિકો અને નબળા વર્ગના નાગરિકો માટે સન્માનજનક અને સસ્તા ભાડા સાથેના આવાસ ઉપલબ્ધ કરાવવા માટે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં નવી પહેલ પણ થઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની આવાસ યોજનાઓમાં રિયલ એસ્ટેટ સેક્ટર સક્રિય ભૂમિકા ભજવે છે. કેડાઈએ રાષ્ટ્રીય સ્તરે પાંચ વર્ષમાં ૨૫ શહેરોમાં ૧૦ લાખ બાંધકામ કામદારોને કૌશલ્ય વિકાસનું નિર્માણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે તે પણ પ્રશંસનીય છે.

વડાપ્રધાનશ્રીએ આ દિશામાં દેશવાસીઓને સ્વૈચ્છિક સામાજિક જવાબદારીના ભાગરૂપે 'કેચ ધ રેઈન' દ્વારા જળસંચય કરવા, 'એક પેડ માં કે નામ' દ્વારા ગ્રીન કવર વધારવા, સ્વચ્છતા અને સ્વસ્થતા માટેના અભિયાનો તથા પ્રાકૃતિક ખેતી અને ગરીબોને સહાયતા, વોકલ ફોર લોકલના મંત્રથી સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની અને યોગ તથા રમતગમતને જીવનનો ભાગ બનાવી રોગમુક્ત જીવનશૈલી બનાવવા ભવિષ્યની પેઢીને આજથી બહેતર જીવન આપવા જેવા સંકલ્પો પણ આપ્યા છે જેને ચરિતાર્થ કરવા મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત સૌને આહવાન કર્યું હતું.

કેડાઈના નવા પ્રમુખ શ્રી શેખર પટેલ સહિત નવ નિયુક્ત હોદ્દેદારો અને સમગ્ર કેડાઈ ટીમને મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે અભિનંદન પાઠવ્યા હતા.

કેડાઈના નવ નિયુક્ત પ્રમુખ શ્રી શેખર પટેલે નવીન જવાબદારી બદલ સૌનો આભાર માનતા કહ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ટીમ ગુજરાત નાગરિકોના હિતમાં નવી પોલિસી બનાવવા અને અમલી પોલિસીમાં હકારાત્મક સુધારો કરવા સતત તત્પર હોય છે. તાજેતરમાં રાજ્ય સરકારે મહેસુલ અંતર્ગત બીન ખેતીની મંજૂરીમાં લાગતા સમયમાં ઘટાડા સહિત વિવિધ વિભાગોમાં નીતિગત સુધારા-નિર્ણયો કર્યા છે. સુરક્ષિત, સંગઠીત અને સમૃદ્ધ રાષ્ટ્ર નિર્માણમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિત શાહનું અમૂલ્ય યોગદાન રહ્યું છે.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા રિયલ એસ્ટેટ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે ત્યારે કેડાઈ ઈન્ડિયા આગામી પાંચ વર્ષમાં અંદાજે ૧૦ લાખ બાંધકામ કામદારોને કૌશલ્ય પૂરુ પાડવા તાલીમ સંસ્થાની સ્થાપના કરશે. આ ઉપરાંત, કેડાઈ ગ્રીન ઈન્ડિયા કાઉન્સિલ, કેડાઈ ડેટા એનાલીસીસ સેન્ટર, ઈઝ એન્ડ કોસ્ટ ઓફ ડુઈંગ બીઝનેસ, અફોર્ડેબલ હાઉસીંગ ૨.૦ જેવા પ્રોજેક્ટ કેડાઈ નેશનલ દ્વારા આગામી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કેડાઈ નેશનલના પૂર્વ પ્રમુખ અને વર્તમાન ચેરમેન શ્રી બોમન ઈરાનીએ જણાવ્યું હતુ કે, કેડાઈ તેની ૨૫ વર્ષની સફરમાં ૨૪ રાજ્યોમાં ૨૪૦ યુનિટ સાથે ૧૩,૦૦૦ સભ્યો ધરાવે છે. ભારતના જીડીપીમાં રિયલ એસ્ટેટ અંદાજે ૧૫ ટકાથી વધુનું યોગદાન આપી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના હાઉસ ફોર ઓલના સ્વપ્નને સાકાર કરવા કેડાઈ પણ સહયોગ આપી રહ્યું છે. નવા પ્રમુખ તરીકે શ્રી શેખર પટેલ અને સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

કેડાઈ નેશનલના પૂર્વ ચેરમેન શ્રી મનોજ ગૌરે કાર્યક્રમ ઉપસ્થિત સૌને આવકારી તેમની બે વર્ષની સફરની વિશે જણાવતાં કહ્યું હતુ કે, કેડાઈએ તેની સ્થાપનાથી લઈને ૨૫ વર્ષમાં ખુબ જ સુંદર કામગીરી કરી છે. આગામી સમયમાં નવી ટીમ પણ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં કામગીરી કરશે. કેડાઈના નવા સેક્રેટરી શ્રી ગૌરવ ગુપ્તાએ આભાર વિધિ કરી હતી.મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં કેડાઈની પરંપરા મુજબ નિવૃત્ત થતા પ્રમુખ શ્રી બોમન ઈરાની દ્વારા નવીન પ્રમુખ શ્રી શેખર પટેલને બેટન સોંપવામાં હતી. આ સેરેમની દરમિયાન કેડાઈ નેશનલ ટીમ જેમાં વર્ષ ૨૦૨૫-૨૭ માટેની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને કમિટીની પણ જાહેરાત કરવામાં આવી હતી.આ ઉપરાંત મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'મારું અમદાવાદ' પુસ્તક તથા 'ગ્રીન બિલ્ડિંગ' અહેવાલનું વિમોચન તેમજ સ્કિલ ડેવલપમેન્ટ અંગે કેડાઈ, NSDC અને QCI વચ્ચે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.કેડાઈ નેશનલની નવીન ટીમ તરીકે આગામી સમયમાં કાર્ય કરનાર પ્રમુખ શ્રી શેખર પટેલ, ઉપપ્રમુખ શ્રી આશિષ પટેલ તેમજ સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ખજાનચી સહિત હોદેદારોનો વિસ્તૃત પરિચય કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પદ્મશ્રી અને ઉદ્યોગપતિ શ્રી પંકજ પટેલ, રાજ્યસભા સાંસદ શ્રી પરિમલ નથવાણી, અમદાવાદ મેયર શ્રી પ્રતિભાબેન જૈન, ધારાસભ્યશ્રીઓ, કેડાઈ ઈન્ડિયાના હોદેદારો, સભ્યો સહિત મોટી સંખ્યામાં બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉધોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં મિત્રએ યુવતી સાથે દુષ્કર્મ કરી પૈસા પડાવ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદનાં નારોલ વિસ્તારમાં ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. યુવતીને મિત્ર સાથે પ્રેમ સંબંધ રાખવો ભારે પડ્યો છે. ન્યૂડ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી મેરેજ બ્યૂરોમાં જબરજસ્તી લગ્ન કર્યા હતા. યુવતીને ત્રાસ આપતા નારોલ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે. અમદાવાદ શહેરમાં પ્રેમ સંબંધને લજવતો કિસ્સો સામે આવ્યો છે. મિત્ર સાથે પ્રેમ સંબંધ બાંધવો યુવતીને ભારે પડ્યો છે. અમદાવાદનાં નારોલમાં ન્યૂડ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી યુવકે દુષ્કર્મ ગુજાર્યુ હતું. ફરવા ગયા તે સમયના ફોટો વાયરલ કરવાની ધમકી આપી મેરેજ બ્યુરોમાં જઈ યુવતી સાથે જબરજસ્તી લગ્ન કર્યા હતા. સોશિયલ મીડિયામાં પીડિત યુવતીએ યુવકને બ્લોક કરતા ફોટો વાયરલ કર્યા હતા. યુવતી પાસેથી ૨૦ હજાર પડાવી ફોટો વીડિયો ડિલીટ કર્યા હતા. યુવતીની બહેનને પણ સોશિયલ મીડિયામાં મેસેજ કરી યુવતીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે. નારોલ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.અગાઉ ભાવનગર જિલ્લાના પાલિતાણાના રાણપરડા ગામમાં એક યુવતીને પ્રેમ કરવો ભારે પડ્યો હતો. પ્રેમ સંબંધ બદલ પરિવારના મોભીઓએ જ હત્યા કર્યા હોવાનું જાણવા મળ્યું છે.પાલિતાણાનાં રાણપરડા ગામમાં રહેતી ૧૯ વર્ષની યુવતીની તેના પિતા અને કાકા દ્વારા હત્યા કરવામાં આવી હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. છોકરીને બીજી જાતિના એક યુવક સાથે પ્રેમ સંબંધ હતો, જેના કારણે છોકરીના પિતા અને કાકાએ તેની હત્યા કરી દીધી. તેઓએ છોકરીનું ગળું દબાવીને હત્યા કરી અને તેના પરિવારને જાણ કર્યા વિના તેના અગ્નિસંસ્કાર કર્યા.

### હડતાળ સતત ત્રીજા દિવસે પણ યથાવત

# સુરતમાં ડાયમંડ કંપનીના રત્નકલાકારો હડતાળ પર

## સતત મંદીની સ્થિતિને કારણે તેમની આર્થિક પરિસ્થિતિ વધુ કથળતી જાય છે, જેના પગલે તેઓએ હડતાળ શરુ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સુરતના કતારગામમાં સ્થિત ડાયમંડ કંપની એચ.વી.કે ઈન્ટરનેશનલ પ્રા. લિ.માં રત્નકલાકારોનો ત્રીજો દિવસ હડતાળ પર પસાર થયો છે.

હીરાની મજૂરીના હાલના ભાવ ૧૬.૫૦ રૂપિયામાં વધારો કરી ૧.૫૦ થી લઈ ૨ રૂપિયા સુધીના વધારાની રજૂઆતને ધ્યાનમાં લઈ બાહેધરી આપ્યા બાદ પણ વધારો કરવામાં આવ્યો ન હતો. જેને પગલે ૧૬ એપ્રિલથી કંપનીના ૮૦ જેટલા રત્નકલાકારોને હડતાળ ઉપર ઉતરવાની ફરજ પડી હતી. સતત મંદીની સ્થિતિને કારણે તેમની આર્થિક પરિસ્થિતિ વધુ કથળતી જાય છે, જેના પગલે તેઓએ હડતાળ શરુ કરી છે.હડતાળની સ્થિતિને ગંભીરતાથી લઈ લેબર વિભાગે મધ્યસ્થી માટે કાર્યવાહી હાથ ધરી છે. ડેપ્યુટી લેબર કમિશનરની અધ્યક્ષતામાં રત્નકલાકારો, ડાયમંડ વર્કર યુનિયન અને કંપની સંચાલકો વચ્ચે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ કંપનીના સંચાલકો ભાવ વધારાના મુદ્દે સ્વીકાર ન હોવાથી બેઠક નિષ્ફળ રહી હતી.હડતાળ ત્રીજા દિવસે યથાવત રહી છે અને લેબર વિભાગે કંપની સામે કાર્યવાહી શરૂ કરી છે. કંપની દ્વારા લઘુત્તમ વેતન, બોનસ અને ગ્રેજ્યુઈટી જેવી ફરજિયાત ચુકવણીઓના રેકોર્ડ રજૂ ન કરાતા વિભાગે તેમને નોટિસ ફટકારી છે. રત્નકલાકારોએ કંપનીના અકડ વલણ સામે તીવ્ર અસંતોષ વ્યક્ત કર્યો છે અને કહ્યું છે કે ''માંગ સંતોષે ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે''.

આ મુદ્દો માત્ર એક કંપનીનો નહીં પણ સમગ્ર હીરા ઉદ્યોગ માટે ગંભીર સંકેત છે. રત્નકલાકારોના જીવનયાપન માટે યોગ્ય વળતર અને સુવિધાઓ મળવી જરૂરી છે. સરકાર અને ઉદ્યોગસંબંધિત તંત્રો વચ્ચે દ્રષ્ટિકોણ દાખવવો જોઈએ કે જેથી કામદારોના હિતોમાં નિર્ણયો લઈ શકાય અને ઉદ્યોગનું સંતુલન જળવાઈ રહે.

### વિદ્યાર્થીઓના જીવ જોખમમાં

# વંથલીની ગાઠીલા પ્રાથમિક શાળા બિસ્માર હાલતમાં

## શાળાના પરિસરમાં છ ઓરડાઓ આવેલા છે પરંતુ તેમાંથી ચાર ઓરડાઓમાં બેસી શકાય તેવી પરિસ્થિતિ જ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકામાં પ્રાથમિક શાળા બિસ્માર હાલતમાં છે. વિદ્યાર્થીઓ શાળાના જર્જરીત બિલ્ડીંગમાં જીવના જોખમે અભ્યાસ કરવા મજબૂર થયા છે. વંથલીની તાલુકાની ગાઠીલા પ્રાથમિક શાળાનું બિલ્ડીંગ છેલ્લા ઘણા સમયથી કથળી ગયું છે. શાળાના પરિસરમાં છ ઓરડાઓ આવેલા છે

પરંતુ તેમાંથી ચાર ઓરડાઓમાં બેસી શકાય તેવી પરિસ્થિતિ જ નથી. નળિયાવાળા બિલ્ડિંગમાં બાળકો અભ્યાસ કરી રહ્યા છે અને દીવાલો ઉપર તિરાડો પડી ગઈ છે તેમજ બિલ્ડીંગના પાયામાંથી પણ તિરાડો જોવા મળે છે. ૭૦ વર્ષ કરતાં પણ જૂની આ પ્રાથમિક શાળામાં ૬ રૂમ ઉપલબ્ધ છે. શાળાના બિલ્ડીંગ જર્જરીત હોવાથી બે કલાસ ભેગા કરીને બાળકોને બેસાડીને અભ્યાસ કરાવવામાં આવે છે તે રૂમ પણ ખૂબ જ જર્જરીત હાલતમાં છે. શાળા દ્વારા ડિમોલિશન માટેની મંજૂરી માંગવામાં આવી છે. અને મંજૂરી મળી પણ ગઈ છે પરંતુ જ્યાં સુધી નવા બિલ્ડીંગ માટે સરકાર ગ્રાન્ટ કે મંજૂરી નહીં આપે ત્યાં સુધી હયાત બિલ્ડીંગને ના પાડવાની પણ સૂચના સાથોસાથ આપવામાં આવી છે. શિક્ષણની હાલત દિવસેને દિવસે કથળતી જાય છે અને કરોડો રૂપિયાનો ખર્ચ કરતી સરકાર પાસે શાળામાં અભ્યાસ કરતા બાળકોની મૂળભૂત જરૂરિયાત એટલે કે શાળાનું બિલ્ડીંગ જ અતિશય જર્જરીત હાલતમાં છે અને મોતના મુખમાં બાળકો અભ્યાસ કરી રહ્યા છે. શિક્ષણ ગુણવત્તા અને સુધારણા માટે સરકાર મોટી મોટી યોજનાઓ ઘડી અને લાખો રૂપિયાનો ખર્ચો કરી રહી છે પરંતુ મૂળભૂત જરૂરિયાત એવી સ્કૂલના બિલ્ડીંગો ના રીપેરીંગ માટે ધ્યાન આપતી નથી.

વંથલીની ગાઠીલા પ્રાથમિક શાળાની બિસ્માર સ્થિતિને લઈને અનેક વખત વાલીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. છતાં પણ તંત્ર દ્વારા તેમની રજૂઆતને કોઈએ ધ્યાન ના ધરી. શિક્ષણ સુધારણા નામે પૈસાનો વેડફાટ કરતી સરકાર બાળકોના જીવન ઉપર જોખમી એવા શાળાના જર્જરીત બિલ્ડીંગોને પાડી નવા બિલ્ડિંગો માટે મંજૂરી ક્યારે આપશે તે માટે રાહ જોવામાં આવી રહી છે. સરકાર વર્ષો જૂની સોસાયટીને રીડેવલપ કરવા સહાય કરી રહી છે પરંતુ શિક્ષણધામ સરકારની સહાયથી વંચિત છે.

### ઓનલાઈન ડેટિંગ એપથી સાવધાન

# અમદાવાદનો એક યુવક રૂપસુંદરીની લાલચમાં બન્યો હનીટ્રેપનો શિકાર

## હાલ પોલીસે મુખ્ય આરોપીને ઝડપી પાડ્યો છે અને હવે પોલીસએ તપાસમાં લાગી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

જો તમે ઓનલાઈન ડેટિંગ એપ વાપરતા હોય તો જરા ચેતીને વાપરજો. કારણ કે આ પ્રકારની ઓનલાઈન એપ્લિકેશન વાપરતા વાપરતા તમે ક્યાંક હની ટ્રેપના શિકાર પણ બની શકો છો.

આવી જ એક ઘટના સરખેજ વિસ્તારમાં સામે આવી છે. જ્યાં ફરિયાદ થતાં પોલીસે હની ટ્રેપમાં સંડોવાયેલા પાંચ લોકોમાંથી એકને ઝડપી ચારની શોધખોળ શરૂ કરી છેસરખેજ પોલીસ સ્ટેશનમાં એક યુવકે ફરિયાદ કરી હતી કે ફેબ્રુઆરી ૨૦૨૫ થી કવેક કવેક નામની ડેટીંગ એપ દ્વારા તે કવિતા પટેલ નામની યુવતીના સંપર્કમાં આવ્યો. જે બાદ બને વચ્ચે વાતચીત વધી અને થોડા દિવસ પહેલા યુવતીએ યુવકને ઈસ્કોન પાસે એક હોટેલમાં બોલાવ્યો. જોકે ત્યારે યુવકને ખબર નહોતી કે તે હની ટ્રેપનો શિકાર બન્યો છે. હોટેલ પર યુવક અને યુવતી મળ્યા હતા. ત્યારબાદ ત્યાં યુવતીના સાગરીતો પહોંચ્યા અને પોતે ATSમાં છે તેવી ઓળખ આપી હતી. તેની સાથે રહેલ કવિતા પટેલને આ ડ્રગ્સ પેડલર છે. તેમ કહીને બેગ ચેક કરી ફરીયાદીને ગાડીમાં અપહરણ કરી રસ્તામાં ગડદા પાટુનો માર મારી તથા બિભત્સ ગાળો બોલી ધમકી આપી હતી.

ત્યારબાદ ફરીયાદીનું ક્રેડીટ કાર્ડ બળજબરીથી કાઢી લઈ, ક્રેડિટ કાર્ડ પેટ્રોલ પંપ ઉપર સ્વાઈપ કરાવી ૫૧ હજાર અને ગૂગલ પે મારફતે અલગ અલગ એકાઉન્ટમાંથી ૩.૪૨ લાખ ટ્રાન્સફર કરાવ્યા. જે બાદ યુવકે ફરિયાદ આપતા પોલીસે તપાસ શરૂ કરી હતી અને તપાસમાં હેમાંગ જેઠવાનું નામ સામે આવતા તેની ઘરપકડ કરવામાં આવી હતી. સમગ્ર ઘટનામાં રાજકોટનો હેમાંગ જેઠવા મુખ્ય આરોપી છે. જેની સાથે રાજકોટનો જીતુદાન ઉર્ફે ભુરો બાણીદાન જેસાણી, રાજકોટની કવિતા પટેલ નામ ધારણ કરી આવેલ નિતુ ઉર્ફે નેન્સી અર્જુનભાઈ ગાયકવાડ, રાજકોટની વંદના ઉર્ફે ડોલી રાજેશભાઇ કાકડીયા અને રાજકોટની નંદની કુમારભાઈ જાડેજા સંડોવાયેલા છે. આરોપી હેમાંગ સિવાય તમામ ફરાર છે. જેઓની પોલીસ શોધખોળ કરી રહી છે. આરોપી હેમાંગ પાસેથી પોલીસે રોકડ રકમ અને મોબાઈલ અને ડેન્જર ટોય એર ગન પણ કબજે કરી છે. આરોપી હેમાંગ અને ફરાર જીતુદાનનો ગુનાહિત ઈતિહાસ પણ સામે આવ્યો છે.

હાલ પોલીસે મુખ્ય આરોપીને ઝડપી પાડ્યો છે. અને હવે પોલીસએ તપાસમાં લાગી છે કે પડાયેલ શખ્સ અને ફરાર શખ્સો ક્યારથી અને કેવી રીતે સંપર્કમાં આવ્યા. તેમની આ ગેંગ ક્યારથી સક્રિય છે. તેઓએ કેટલા લોકોને ભોગ બનાવ્યા છે. તેમજ તેઓ સાથે અન્ય કોઈ સંડોવાયેલ છે કે કેમ જેમનો આગામી દિવસમાં ખુલાસો થઈ શકે છે.

### વલસાડનો ભયાનક કિસ્સો

# ૨૨ વર્ષની દીકરીને માતાજી આવતા પરિવારના લોકોએ શરીર પર દીવા કર્યા

**યુવતીના મોત બાદ તેના મૃતદેહને અગ્નિસંસ્કાર માટે પલસાણા ગામની સ્મશાન ભૂમિમાં લઈ જવામાં આવ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વલસાડ જિલ્લાના પારડીના પલસાણા ગામમાં અંધશ્રદ્ધાને કારણે મેલી વિદ્યાના ચક્કરમાં એક યુવતીના થયેલા શંકાસ્પદ મોત મામલે હવે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ મામલે પારડી પોલીસે મૃતક યુવતીના પરિવાર વિરુદ્ધ સાઅપરાધ માનવવધ અને ખોટી ફરિયાદનો ગુનો દાખલ કરતા ચકચાર મચી ગઈ છે. વલસાડ જિલ્લાના પારડી તાલુકાના પલસાણા ગામના છેવાડે રહેતા એક આદિવાસી હળપતિ પરિવારની ૨૨ વર્ષીય દીકરીનું ૧૪ તારીખે શંકાસ્પદ મોત થયું હતું.

દિવ્યા હળપતિ નામની યુવતીના મોત બાદ તેના મૃતદેહને અગ્નિસંસ્કાર માટે પલસાણા ગામની સ્મશાન ભૂમિમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં મૃતક યુવતીના શરીર પર ગંભીર ઈજાના શંકાસ્પદ નિશાનો જોતા ચકચાર મચી ગઈ હતી. મૃતક યુવતીને મેલી વિદ્યામાં શરીર પર ડામ દેવાના કારણે મોત થયું હોય તેવો વિવાદ શરૂ થયો અને મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. મામલાની ગંભીરતાને લઈ પારડી પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરુ કરી હતી.. અને હવે પ્રાથમિક તપાસના અંતે પારડી પોલીસે આ મામલામાં મૃતકના પિતા, બે બહેનો અને જમાઈ વિરુદ્ધ સાઅપરાધ માનવવધ અને ખોટી ફરિયાદનો ગુનો દાખલ કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ચોથી એપ્રિલના રોજ મૃતક યુવતીના કહેવાથી જ પરિવારજનોએ તેના શરીર પર દીવડાઓ મૂક્યા હતા. મૃતક દીકરીએ પોતાને મેલડી માતા આવતી હોવાનું જણાવ્યું હતું. આથી ઘરમાં પિતા, બે બહેનો અને જમાઈ જીગ્નેશ નાયકાની હાજરીમાં તેના શરીર પર હાથ પગ પેટ અને મોઢાના ભાગે રૂની દિવેટો મૂકી અને દીવડાઓ કર્યા હતા. જેને કારણે દિવ્યા ગંભીર રીતે દાઝી ગઈ હતી. જોકે વાત બહાર આવી જવાના ડરથી પરિવારજનોએ દિવ્યાને હોસ્પિટલ લઈ જવાની જગ્યાએ ઘરે જ ઘરગથ્થુ ઉપચાર કર્યો હતો. પરંતુ દિવ્યાની તબિયત લથડી હતી અને ખેંચ આવી ગઈ હતી.

આથી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. પ્રથમ પારડીની હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ તબિયત લથડતા તેને વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આથી પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહને પલસાણાની સ્મશાન ભૂમિમાં લાવવામાં આવ્યો હતો. ગામ લોકોએ મૃતક યુવતીના શરીર પર દાઝેલા ડામ જેવા નિશાન જોયા હતા. જેથી આ મામલે વિરોધ થયો હતો અને મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બનતા આખરે પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. ગામ લોકો શરૂઆતથી જ આ યુવતીને શરીર પર અંધશ્રદ્ધામાં મેલીવિદ્યાની ચક્કરમાં ડામ આપ્યા હોવાથી યુવતીનું મોત થયું હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા.

જોકે શરૂઆતમાં પરિવારજનોએ આક્ષેપોને ફગાવ્યા હતા અને કંઈ કહેવા તૈયાર ન હતા પરંતુ ત્યારબાદ પોલીસે મામલાને ગંભીરતાથી લેતા સમગ્ર હકીકત બહાર આવી છે, હવે પરિવાર વિરુદ્ધ આ મામલે ગુનો દાખલ કરી પારડી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, પોલીસની પ્રાથમિક તપાસમાં મેડિકલ રિપોર્ટના આધારે પરિવારની બેદરકારીને કારણે યુવતીનું મોત થયું હોવાનું બહાર આવ્યું હતું. આથી પોલીસે દિવ્યા હળપતિના મોત મામલે તેના પિતા અર્જુન સુખા હળપતિ, બહેન ઈશિતા અર્જુન હળપતિ, પ્રિયંકા જીગ્નેશ હળપતિ અને જમાઈ જીગ્નેશ હળપતિ વિરુદ્ધ ગુનો દાખલ કરી પરિવારની ધરપકડ કરવા સહિત ઊંડાણપૂર્વક તપાસ શરુ કરી છે. પલસાણા ગામનોનો આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે જેમા તંત્ર મંત્ર અને મેલી વિદ્યાના ચક્કરમાં આ યુવતીનો ભોગ લેવાયો હોવાનું બહાર આવ્યુ છે. પોલીસની આગામી તપાસમાં પણ આ મામલે હજુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

### બે ટ્રક સામાન કબજે લેવાયો

# વડોદરામાં શુક્રવારી બજારના દબાણો હટાવતા હોબાળા થયો

## નિયત કરેલી જગ્યા સિવાય લાગેલા હંગામી દબાણોનો બે ટ્રક જેટલો સામાન પાલિકાની દબાણ શાખાએ જપ્ત કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરના ભુતડીઝાપા વિસ્તારમાં દર શુક્રવારે ભરાતા શુક્રવારી બજારમાં નિયત કરેલી જગ્યા સિવાય લાગેલા હંગામી દબાણોનો બે ટ્રક જેટલો સામાન પાલિકાની દબાણ શાખાએ જપ્ત કર્યો હતો અને સેન્ટ્રલ સ્ટોર ખાતે શિફ્ટ કર્યો હતો.

શહેરના ભુતડીઝાપા વિસ્તારમાં દર શુક્રવારના રોજ શુક્રવારી બજાર ભરાતું હોય છે. અહીં ખૂબ મોટી સંખ્યામાં આવતા ગ્રાહકોના કારણે ટ્રાફિકજામની સમસ્યા ઊભી થતી હોય છે.

વળી આસપાસ બે શાળા આવતી હોવાથી અહીં ભણતા વિદ્યાર્થીઓની સુરક્ષા સામે પણ અવારનવાર સવાલો ઊભા થઈ રહ્યા છે.

શુક્રવારી બજારનો વિસ્તાર વધતા જતા તે કારેલીબાગ પાણી ટાંકી સુધી ઘણીવાર પથરા લાગી જવા જતા હોવાના કારણે ત્યાંના રહીશોએ આ અંગેનો વિરોધ પાલિકાના ચૂંટાયેલા પદાધિકારીઓ સમક્ષ કર્યો હતો. જે બાદ તંત્ર દ્વારા શુક્રવારિ બજારમાં લાગતા પથારા અંગે તંત્ર દ્વારા તેઓની બેસવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. દરમિયાન આજે શુક્રવારિ બજાર ભરાતા કેટલાક પથારાવાળાઓએ નિયત જગ્યાથી આગળ પોતાના લારી, ગલ્લા, પથારા લગાવ્યા હતા.

ત્યારે અહીં પહોંચેલી દબાણ શાખાની ટીમે બે ટ્રક જેટલો હંગામી સામાન જપ્ત કરી જગ્યા ખુલ્લી કરાવી હતી. આ સાથે અહીં પેટ્રોલિંગ પણ શરૂ કરવામાં આવ્યું હતું.

### સિયાવા મેળાને કારણે અપાયું ડાયવર્ઝન

# અંબાજીથી આબુ જતો ૩૨ કિલોમીટરનો રોડ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)અંબાજી

અંબાજી કે આબુ પ્રવાસ જવાનું વિચારી રહ્યા હોય તો પહેલાં આ સમાચાર વાંચી લેજો. કારણ કે, અંબાજીથી આબુ સુધીના જતા માર્ગને બંધ કરવામાં આવ્યો છે. તેમજ તંત્ર દ્વારા ડાયવર્ઝન પણ આપવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, અંબાજીથી આબુ જતો ૩૨ કિલોમીટરનો રોડ રાત્રે ૮ વાગ્યા સુધી બંધ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા સિયાવા-છાપરી અને અંબાજી જતો રસ્તો એક દિવસ (૧૮ એપ્રિલ) માટે બંધ કરાયો છે. સિયાવા મેળાના આયોજનને લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. મુસાફરોને તકલીફ ન પડે તે માટે ડાયવર્ઝનની સુવિધા પણ કરવામાં આવી છે. આ સિવાય મેળામાં આવતા લોકોને પણ કોઈ તકલીફનો સામનો ન કરવો પડે.

અંબાજીથી આબુ જતો રોડ બંધ હોવાના કારણે મુસાફરો આબુ જવા માટે ગબ્બર અથવા વિરમપુર ફરીને જઈ શકાશે.

### મહિલાઓની સાથે છેતરપિંડી કરતો

# દાગીના ચમકાવી આપવાના નામે સોનું ગાળી લેતો ઠગ વડોદરામાં પકડાયો

**બાઈક પર ખભે થેલો લઈ બેઠેલા શખ્સને પોલીસે તપાસતા થેલામાંથી રોકડા રૂ.૮૦ હજાર મળ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં જુદી જુદી સોસાયટી વિસ્તારોમાં એકલવાયી મહિલાઓને કંપનીના એજન્ટ તરીકે પરિચય આપી ઠગો દ્વારા વાતોમાં ફસાવ્યા બાદ વાસણો ચમકાવી આપીને વિશ્વાસમાં લેવામાં આવતી હોય છે. ત્યારબાદ દાગીના ચમકાવી આપવાના નામે સોનું ગાળી લેવામાં આવતું હોય છે.

મકરપુરા વિસ્તારમાં આ પ્રકારના બે બનાવ બન્યા હોવાથી પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા હતા. જે દરમિયાન ઓળખાયેલા એક ઠગને પોલીસે તરસાલી આઈ.ટી.આઈ પાસેથી ઝડપી પાડ્યો હતો. બાઈક પર ખભે થેલો લઈ બેઠેલા શખ્સને પોલીસે તપાસતા થેલામાંથી રોકડા રૂ.૮૦ હજાર મળ્યા હતા. આ ઉપરાંત શેમ્પુ તેમજ જુદા જુદા કેમિકલ અને પાવડરના પેકેટ અને બોટલ પણ મળ્યા હતા. બેગમાંથી નાની ડોલ બાઉલ અને નાનું ટબ પણ મળી આવતા પોલીસની શંકા સાચી પડી હતી.

પૂછપરછ દરમિયાન પકડાયેલા શખ્સનું નામ રાહુલ અરવિંદભાઈ શાહ (કંસારા)(એસટી નગર, જય મહારાજ સોસાયટી નંબર-૨, નડિયાદ) હોવાનું ખુલ્યું હતું. બે મહિના પહેલા તેણે સાગરીત સાથે તરસાલીમાં એક વૃદ્ધાની બંગડીઓ ચમકાવી આપવાના નામે દોઢથી બે તોલાના દાગીના ગાળી લીધા હોવાની તેમજ બે દિવસ પહેલા માણેજામાં પણ એક મહિલાના પાટલા ચમકાવી આપવાના નામે કેટલું સોનું ગાળી લીધું હોવાની વિગતો ખુલી હતી.

તેની પાસે મળેલી રોકડ રકમ વેચેલા સોનામાંથી મળેલા ભાગની હોવાની પણ વિગતો કબૂલી હતી.

### ચોરને પકડી પોલીસે મોટે ઉપાડે લૂંટી હતી વાહવાહી

# અમદાવાદ પોલીસની કસ્ટડીમાંથી રીઢો ગુનેગાર ભાગી ગયો

### મેડિકલ ચેકઅપ માટે સોલા સિવિલ લઈ જવામાં આવ્યો હતો પરંતુ પકડાયેલો આરોપી હોસ્પિટલમાંથી ફરાર થઈ જતા પોલીસની બેદરકાર સામે આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સેટેલાઇટમાં આવેલા વૃંદાવન બંગ્લોઝમાં આશરે સવા મહિના પહેલા થયેલી ૪૬ લાખ રૂપિયાની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. પોલીસે સીસીટીવી સર્વલન્સ, મોબાઈલ લોકેશન અને અન્ય માહિતીના આધારે ગુરૂવારે (૧૭મી એપ્રિલ) મહેસાણાથી અર્જુન રાજપુત નામના આરોપીને ૨૭ લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. આ દરમિયાન આરોપીની પૂછપરછ થાય અને વધુ પ્રક્રિયા થાય તે પહેલા તેને આજે શુક્રવારે (૧૮મી એપ્રિલ) મેડિકલ ચેકઅપ માટે સોલા સિવિલ લઈ જવામાં આવ્યો હતો. પરંતુ પકડાયેલો આરોપી હોસ્પિટલમાંથી ફરાર થઈ જતા પોલીસની બેદરકાર સામે આવી છે.

આરોપી અર્જુન રાજપુતની પ્રાથમિક તપાસમાં ૫૦થી વધુ ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવણી ખુલી છે. જ્યારે વધુ ત્રણ ગુનાનો ભેદ ઉકેલાયો હતો. ઝડપાયેલા આરોપીની ચીખલીગર ગેંગ સાથે પણ સંડોવણી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. સેટેલાઈટમાં આવેલા વૃંદાવન બંગ્લોઝમાં ત્રીજી માર્ચના રોજ ૪૬ લાખ રૂપિયાની મત્તાની ઘરફોડ ચોરી થઇ હતી. જે બનાવ અંગે સેટેલાઇટ પોલીસની સાથે ડીસીપી ઝોન-૭ના લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી.

એલસીબી ઝોન-૭ના સ્ટાફને કેટલાંક સીસીટીવી મળ્યા હતા. જેને ટ્રેક કરતા શંકાસ્પદ વ્યક્તિ એક નંબર પ્લેટ વિનાનું બાઈક લઈને આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે પોલીસે ૩૫૦ જેટલા સીસીટીવી ફુટેજ ટ્રેક કરવાની સાથે ચોક્કસ લોકેશનના મોબાઈલ નંબરની વિગતો એકઠી કરતા સમગ્ર કેસની તપાસ મહેસાણા રૂટ તરફ જતી હતી. સાથેસાથે ચોરી કરવાની મોડ્સ ઓપરેન્ડી તપાસતા અગાઉ વડોદરામાં પણ ચોક્કસ વ્યક્તિ દ્વારા ચોરી કરવામાં આવી હોવાની કડી મળી હતી. છેવટે પોલીસને આ કેસમા અર્જુન રાજપુતની સંડોવણી ખુલતા પોલીસે તેને ઝડપીને તેની પાસેથી ૨૬ લાખ રૂપિયાની કિંમતના સોનાના દાગીના સહિત કુલ ૨૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

### અસલી નોટોની વચ્ચે નકલી નોટનો ખેલ

# રાજકોટમાં નકલી ચલણી નોટોની હેરાફેરી કરતી ટોળકી ઝડપાઈ

### અસલી નોટોની વચ્ચે નકલી નોટો મૂકીને જેતપુર સહિતના વિસ્તારમાં આગાડીયા પેઢીઓમાં આંગડીયું કરાવતા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

ગુજરાતના રાજકોટમાં નકલી ચલણી નોટોની હેરાફેરી કરતી ટોળકીને શહેર પોલીસ ઝડપી પાડી છે. આરોપી દ્વારા રૂ.૫૦૦ નોટોના બંડલમાં અસલી નોટોની વચ્ચે નકલી નોટો મૂકીને જેતપુર સહિતના વિસ્તારમાં આગાડીયા પેઢીઓમાં આંગડીયું કરાવતા હતા. પોલીસે રૂ.૫૦૦ની ૧૨ નકલી નોટો, મોબાઈલ જપ્ત કરીને ત્રણેય આરોપી વિરૂદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, જેતપુરની એક આંગડીયા પેઢીના નીકેશ ચંદનાણી નામના વ્યક્તિએ જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી કે, ગત ૧૩ એપ્રિલના રોજ અમારી પેઢીમાં રવિ નામના વ્યક્તિએ ૧૦ લાખનું આંગડીયુ કરાવ્યું હતું. રવિએ આપેલા રૂ. ૫૦૦ની નોટોના બંડલમાં કુલ ૧૨ નોટો ખોટી હોવાનું જણાઈ આવ્યું હતું. જોકે, આ મામલે નીકેશે રવિ ડોબરીયાને વાત કરતા તેને પૈસા બદલવા મિત્રને મોકલશે તેમ કહ્યું હતું.

સમગ્ર મામલે પોલીસને જાણ થતાં આંગડીયા પેઢી આગળ વૉચ ગોઠવી હતી. આ દરમિયાન રવિ ડોબરીયા જ્યારે નકલી નોટો લેવા માટે જાય છે, ત્યારે પોલીસ દ્વારા તેને ઝડપી પાડવામાં આવે છે.

પોલીસે નકલી નોટો અંગે પૂછતાં રવિએ જણાવ્યું હતું કે, 'ધોરાજીના મારા મિત્રએ ૧૦ લાખ રૂપિયાના બંડલમાં રૂ.૫૦૦ની નકલી નોટો ઉમેરી હતી અને પછી આંગડીયુ કર્યું હતું.

તેણે મને નકલી નોટો બદલવા માટે મોકલો હતો.' સમગ્ર મામલે જેતપુર સિટી પોલીસે તપાસ કરીને મુખ્ય સૂત્રધાર ધોરાજીના શખ્સ સહિત ત્રણેય આરોપીને ઝડપી પાડીને આગળની કાર્યવાહ હાથ ધરવામાં આવી છે.

### કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગની આગાહી

# ગુજરાતમાં ૨૪ જિલ્લામાં બે દિવસ ધૂળની ડમરી સાથે પવન ફૂંકાશે

### રવિવારે કચ્છ-સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૨૪ જિલ્લામાં ધૂળની ડમરી ઉડે તેવો પવન ફૂંકાવવાની આગાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે હવામાન વિભાગે આજે શુક્રવારે (૧૮ એપ્રિલ, ૨૦૨૫) કચ્છ અને રાજકોટ જિલ્લામાં હીટવેવનું યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

રાજ્યમાં આગામી ૭ દિવસ ગરમી અને ભારે પવનને લઈને આગાહી કરી છે. જેમાં આવતીકાલે શનિવાર અને રવિવારે કચ્છ-સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૨૪ જિલ્લામાં ધૂળની ડમરી ઉડે તેવો પવન ફૂંકાવવાની આગાહી કરી છે.

તેવામાં રાજ્યભરના માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. રાજ્યમાં આગામી ૨૪ કલાક બાદ ૨ દિવસમાં ૨-૩ ડિગ્રી તાપમાનમાં ઘટાડો નોંધાશે. જ્યારે આવતીકાલે શનિવારે અમદાવાદમાં ૪૩ ડિગ્રી મહત્તમ તાપમાન રહેવાની શક્યતા છે. ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં બદલાવ જોવા મળી શકે છે, ત્યારે હવામાન વિભાગે આગામી બે દિવસ ધૂળની ડમરી સાથે પવન ફૂંકાશે. જેમાં ૧૯-૨૦ એપ્રિલના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, બોટાદ, ગીર સોમનાથ, રાજકોટ, અમરેલી, ભાવનગર, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, પંચમહાલ, આણંદ, ખેડા, મહીસાગર, દાહોદ, અરવલ્લી જિલ્લાના ધૂળની ડમરી ઉડે તેવો પવન રહેશે. જ્યારે ૨૧ એપ્રિલના રોજ રાજ્યમાં હવામાન શુષ્ક રહેવાની આગાહી છે. આ પછી ૨૨ એપ્રિલથી ૨૪ એપ્રિલ સુધી ગુજરાતના કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળુ હવામાન રહેશે. જ્યારે આવતીકાલથી બે દિવસ પવન ફૂંકાવવાની આગાહી છે, ત્યારે માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

રાજ્યના વિવિધ સ્થળોએ આજે શુક્રવારે સવારના ૮:૩૦ વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ મહત્તમ તાપમાન કંડલા ઍરપોર્ટમાં ૪૪.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ભુજમાં ૪૧.૪ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૩.૩ ડિગ્રી, રાજકોટમાં ૪૨.૯ ડિગ્રી, ડીસામાં ૪૦.૨ ડિગ્રી, અમદાવાદામાં ૪૧.૮ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી, અમરેલીમાં ૪૨.૫ ડિગ્રી, વડોદરામાં ૩૯.૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

### ભેંસાણમાં સેફ્ટી ટેંક સાફ કરતી વખતે દુર્ઘટના સર્જાઈ

# જૂનાગઢમાં ગેસ ગળતરથી સાળા-બનેવીનાં મોત નિપજ્યા

### આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢમાં ગેસ ગળતરથી સાળા બનેવીના મોતથી રામપુર ગામમાં ભયનો માહોલ ફેલાયો હતો.

ભેંસાણમાં સેફ્ટી ટેંક સાફ કરતી વખતે દુર્ઘટના સર્જાઈ હતી. ગત રાત્રે ઘટના બનતા ભારે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. મકાન માલિકને પણ ઝેરી ગેસની અસર થઈ હતી. મકાન માલિકને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અંતિમવિધિ માટે મૃતદેહોને વતન મોકલાયા હતા. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. આ પહેલા અરવલ્લી માં ધનસુરા નજીક એક કોલ્ડ સ્ટોરેજમાં મોડી રાત્રે એમોનિયા ગેસ લીકેજ (ગેસ ગળતર) થવાથી નાસભાગ મચી ગઈ હતી. જેમાં શ્રી રાધે, ફાયર બ્રિગેડ ની ટીમ ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સતત ગેસ લીકેજ કારણે નજીકના ગ્રામજનોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી.

### સ્થાનિક લોકોએ ધારાસભ્ય જીતુ વાઘાણીને પીવાના પાણી મુદ્દે ઘેરી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગરમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકોને પાણીની સમસ્યાનો સામનો કરવો પડ્યો છે. પીવાના પાણી અને ડ્રેનેજ અંગે મહાનગર પાલિકામાં અનેક રજૂઆતો કર્યા બાદ પણ કોઈ નિરાકરણ નહીં આવતા લોકો રોષે ભરાયા હતાં. ગઈ કાલે શહેરના કુંભારવાડા વિસ્તારમાં આયોજિત એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ધારાસભ્ય જીતુ વાઘાણીને લોકોએ ઘેરી લીધા હતાં અને પાણી તથા ડ્રેનેજ અંગેની રજૂઆતો કરી હતી. લોકોએ જીતુ વાઘાણીને ઘેરીને રજૂઆતો કરી

ભાવનગરના કુંભારવાડામાં આયોજિત એક કાર્યક્રમમાં ગઈકાલે ધારાસભ્ય જીતુ વાઘાણી ઉપસ્થિત રહ્યાં હતાં. આ દરમિયાન સ્થાનિક લોકોનું ટોળુ આ કાર્યક્રમમાં પહોંચીને ધારાસભ્યને ઘેરી વળ્યું હતું. આ દરમિયાન સ્થાનિકોએ જીતુ વાઘાણી સમક્ષ પીવાના પાણી અને ડ્રેનેજ લાઈન સહિત પાયાની સુવિધાઓ નહીં મળતી હોવાની રજૂઆતો કરી હતી. આ દરમિયાન લોકોએ આકરી રીતે રજૂઆતો કરતાં જીતુ વાઘાણીએ મીડિયાના કેમેરા બંધ કરવાનો ઈશારો કરતાં તેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. કાર્યક્રમમાં રજૂઆત માટે પહોંચેલા સ્થાનિક રહીશોની માંગ હતી કે છેલ્લા એક વર્ષથી પીવાના પાણીની સમસ્યા, ડ્રેનેજ સહિતની પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે.

### હીટવેવને કારણે કૂલરનો નિર્ણય લેવાયો

# સિવિલ હોસ્પિટલોના ઓપીડી અને જનરલ વોર્ડમાં કૂલર આપવા સૂચના

### આ કૂલરનો તમામ ખર્ચો મેડિકલ ઓથોરિટી દ્વારા કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં ગરમીની અસર સતત વધી રહી છે. કાળઝાળ ગરમીમાં લોકો શેકાઈ રહ્યાં છે. ત્યારે રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં દાખલ થતાં દર્દીઓ અને સગાંઓને ગરમીમાં રાહત મળે તે માટે હોસ્પિટલોને કૂલર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં ઓપીડી અને જનરલ વોર્ડમાં કૂલર આપવા નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન ગાંધીનગર દ્વારા એક પરિપત્ર કરીને જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજ્યમા સતત અનુભવાઈ રહેલા હીટવેવને કારણે રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં દાખલ થતાં દર્દીઓ અને સગાંઓને ગરમીમાં રાહત મળે તે માટે હોસ્પિટલોને કૂલર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં ઓપીડી અને જનરલ વોર્ડમાં કૂલર આપવા નિર્ણય લેવામાં આવ્યો છે. આ કૂલરનો તમામ ખર્ચો મેડિકલ ઓથોરિટી દ્વારા કરવામાં આવશે. પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન ગાંધીનગરના પરિપત્ર પ્રમાણે, રાજ્યમાં ચાલી રહેલ હીટવેવ અને ગરમીના પ્રકોપને ધ્યાને લઈને રાજ્યની તમામ સરકારી મેડીકલ કોલેજ,સંલગ્ન હોસ્પિટલ્સ, જી.એમ.ઈ.આર.એસ હોસ્પિટલ, જીલ્લા હોસ્પિટલ તથા જીલ્લા હોસ્પિટલો ખાતે સારવાર લઈ રહેલ દર્દીની સગવડાતા માટે ઓ.પી.ડી. વિભાગ અને અન્ય જનરલ વોર્ડ જેમાં વાતનુકુલનની સુવિધા ના હોય ત્યાં એરકુલર આપવાની માંગણી વિવિધ હોસ્પિટલો દ્વારા કરવામાં આવે છે.જેથી હવે તમામ હોસ્પિટલોમાં કૂલર આપવામાં આવશે અને તેનો તમામ ખર્ચ મેડીકલ ઓથોરીટી દ્વારા કરવામાં આવશે.

### ટુકડે ટુકડે રૂપિયા ૨૧.૬૫ લાખ મિત્રતામાં પડાવ્યા હતા

# મહેસાણાના વિસનગરમાં બિલ્ડર સાથે વિશ્વાસઘાત થયો

### ખોટી ઓળખ આપી આરોપીઓએ રૂપિયા ૭૯,૦૦૦ રૂપિયા પડાવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા) મહેસાણા

મહેસાણાના વીસનગરના એક બિલ્ડર સાથે વિશ્વાસઘાતનો મામલો સામે આવ્યો છે. જેમાં સુરતના જયંતિ પટેલ અને કૌશિક પટેલે વિશ્વાસઘાત કર્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. જેમાં ઈક્મટેક્ષ ની રેડ પડી હોવાથી આર્થિક તૂટી ગયા હોવાનું કહ્યું હતું. ત્યારબાદ ટુકડે ટુકડે રૂપિયા ૨૧.૬૫ લાખ મિત્રતામાં પડાવ્યા હતા.

રૂપિયા પરત માંગ્યા તો કોઈની થાર ગાડી વેચાણ પેટે આપી હતી. તે સિવાય બેક્ર બેલેન્સ વિનાના અર્પિત શાહના ચેક પણ આપ્યા હતા. બાદમાં ઉઘરાણી કરતા ખોટા આઈ.એ.એસ. સાથે વાત કરાવી હતી. જેમાં તેમણે ઋષભ રેડ્ડી નામના આઈ.એ.એસની ઓળખ આપી હતી. આમ ખોટી ઓળખ આપી આરોપીઓએ રૂપિયા ૭૯,૦૦૦ રૂપિયા પડાવ્યા હતા. આ અંગે સંડોવાયેલા તમામ ૪ ઈસમો સામે ગુન્હો નોધાયો છે. વિસનગર શહેર પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### સ્થાનિકોએ હલ્લાબોલની ચિમકી ઉચ્ચારી

# ભગતપરા વિસ્તારના સ્થાનિકો દૂષિત પાણી પીવા મજબૂર બન્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)જસદણ

ભગતપરા વિસ્તારના સ્થાનિકો દૂષિત પાણી પીવા મજબૂર બન્યારાજકોટના જસદણ નગરપાલિકામાં આવતો વિસ્તાર એટલે ભગતપરા વિસ્તાર અને આ વિસ્તારમાં દૂષિત પાણી આવે છે તેવી ફરિયાદ સ્થાનિકો તરફથી ઉઠી છે,ચિતલીયા રોડ ભગવાન પરા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી લોકો દૂષિત પાણી પીવા મજબૂર બન્યા હતા અનેકવાર નગરપાલિકામાં રજૂઆત કરી પણ નગરપાલિકા કોઈ જાણે આ બાબતને લઈ કોઈ રસ જ દાખવતી નથી તેવું લાગી રહ્યું છે.

જસદણમાં ગટરના પાણી રહેણાંક ચીતલીયા રોડ પર આવેલ ભગવાન પરા વિસ્તારમાં ફરી વળતા લોકોમાં ભયંકર રોષ અને ગટરની સમસ્યાથી લોકો પરેશાન થયા છે.

અનેક જગ્યાએ રેહણાંક વિસ્તારમાં ગટરના પાણી છેલ્લા ઘણા સમયથી આ ભૂગોળ ગટરના પાણીની પાઈપલાઈનનું માપ મળી જતા નગરપાલિકામાં સ્થાનિક લોકોએ અનેકવાર રજૂઆતો કરી પણ તંત્ર આખ ખાડા કાન કરી રહ્યું છે,આવનારા દિવસોમાં આ સમસ્યાનું નિરાકરણ નહી આવે તો સ્થાનિકોએ હલ્બાબોલની ચિમકી ઉચ્ચારી છે.

જસદણ નગરપાલિકાના અનેક વિસ્તારોમાં છેલ્લાં ઘણા દિવસોથી દૂષિત પાણી આવી રહ્યું હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરાતા પાણીજન્ય બિમારીના કેસો વધતા હોવા મામલે સ્થાનિકો એક બે દિવસમાં કામગીરી નહીં કરવામાં આવે તો વિસ્તારના લોકો પાલિકામાં હલ્લાબોલ કરી ચીફ ઓફિસર અને વહીવટદાર સામે ઉગ્ર વિરોધ કરશે,ભગવાન પરા વિસ્તારના નળમાં પીવાનું પાણી છેલ્લા ઘણા સમયથી દુષિત મળી રહ્યું છે.

સ્થાનિક રહીશોએ નગરપાલિકામાં અનેક રજૂઆત કરી દૂષિત પાણી અંગે જરૂરી કાર્યવાહી કરવાની રજૂઆત કરી હતી તેમ છતા નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી નહીં.દૂષિત પાણીની સમસ્યાએ મોટું સ્વરૂપ ધારણ કર્યુ હતું અને ઘેર ઘેર બિમારીના કેસો નોંધાવા લાગ્યા હતાં. દૂષિત પાણી પીવાના કારણે વિસ્તારના લોકો પાણી જન્ય બીમારી ટાઈફોડ, કમળો, તાવ સહિતની બીમારીમાં સપડયાં છે.

### ભાજપે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસનો ઠેર-ઠેર વિરોધ કર્યો

# વડોદરામાં વિરોધ દરમિયાન ભાજપ પ્રમુખનો ટપલીદાવ થયો

### ટપલીદાવ થયા બાદ કાર્યકર્તાઓને ખબર પડી કે આ તો પૂતળાને નહી પણ પ્રમુખનો ટપલીદાવ થયો તો લોકો પણ પેટ પકડીને હસી પડયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં વિરોધ દરમિયાન ભાજપ પ્રમુખનો ટપલીદાવ થયો છે,વાત જાણે એમ છે કે,કોંગ્રેસનો વિરોધ કરવા માટે ભાજપના લોકો ભેગા થયા હતા અને વડોદરા ભાજપ પ્રમુખને પૂતળું સમજીને ટપલીદાવ કર્યો હતો,તો ભાજપ પ્રમુખ વચ્ચેથી ખસવાનો પ્રયત્ન પણ કરે છે પરંતુ લોકોએ ટપલીદાવ કરી નાખ્યો હતો.તો પ્રમુખને માથાના ભાગે થોડી વાર તો તમ્મર ચડી ગયા હતા.

ગુજરાત ભાજપે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસનો ઠેર-ઠેર વિરોધ કર્યો હતો અને પૂતળાદહન કર્યુ હતુ આ દરમિયાન વડોદરાના ભાજપ પ્રમુખ પાર્થ પુરોહિત પણ પૂતળાં સાથે વિરોધ કરવા પહોંચ્યા હતા તેની વચ્ચે ભાજપના કાર્યકરો પાર્થ પુરોહિતને પૂતળં સમજીને ટપલીદાવ કરવા મંડી પડયા હતા,તો વડોદરા ભાજપમાં આ વિષય હાસ્યાસ્પદ બન્યો હતો,ભાજપના કાર્યકરો પૂતળાને માર મારવા ગયા હતા અને ટપલીદાવ ભાજપ પ્રમુખનો થઈ ગયો હતો,તો બાદમાં લોકોએ ભાજપ પ્રમુખને થોડીવાર સાઈડમાં બેસાડયા હતા અને ત્યારબાદ વિરોધ કર્યો હતો.

તો ટપલીદાવ થયા બાદ કાર્યકર્તાઓને ખબર પડી કે આ તો પૂતળાને નહી પણ પ્રમુખનો ટપલીદાવ થયો તો લોકો પણ પેટ પકડીને હસી પડયા હતા,જો વધારે ટપલીદાવ થયો હોત તો પ્રમુખને માથાના ભાગે ઈજા પણ પહોંચી હોત,આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે અને લોકો હસી પણ રહ્યાં છે,પ્રમુખ જરા તમે પણ સમજી જાવ કે વિરોધ કરો એનો વાંધો નહી પરંતુ તમે હાસ્યાસ્પદ બની ગયા એનું શું.

### એર મોનીટરીંગ ક્વોલિટી સ્ટેશન સ્થાપવામાં વિલંબ

# વડોદરામાં રાત્રે કેમિકલયુક્ત દુર્ગંધથી લોકો પરેશાન થયા

### વડોદરા શહેરમાં પ્રથમવાર હવાની ગુણવત્તા માટે એર મોનીટરીંગ ક્વોલિટી સ્ટેશન સ્થાપવાની કવાયત હાથ ધરી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરમાં અવાર નવાર રાત્રીના સમયે કેમિકલયુક્ત દુર્ગંધથી લોકો પરેશાન છે. તો બીજી તરફ હવાની ગુણવત્તામાં કોઈ ઘટાડો ન થાય અને હવામાં પ્રદુષણની માત્રા કેટલી છે અને હવા કેટલી શુદ્ધ છે તેને જાણવા માટે વડોદરા શહેરમાં પ્રથમવાર હવાની ગુણવત્તા માટે એર મોનીટરીંગ ક્વોલિટી સ્ટેશન સ્થાપવાની કવાયત હાથ ધરી હતી. એર મોનીટરીંગ સ્ટેશનના આંકડાઓ હવાની ગુણવત્તા સુધારવા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે તેમ હોવા છતા એર મોનીટરીંગ ક્વોલિટી સ્ટેશન સ્થાપવામાં વિલંબ થઈ રહ્યો છે.કોરોનાકાળમાં લોકડાઉનને કારણે હવાના પ્રદૂષણની માત્રામાં ખૂબ જ ઘટાડો થયો હતો. પરંતુ તે બાદ ફરી હવાનાં પ્રદૂષણમાં ઉત્તરોત્તર વધારો થયો છે.

શહેરની આસપાસમાં આવેલા ઉદ્યોગો અને વધી રહેલા વાહનોની સંખ્યાને કારણે હવાનું પ્રદૂષણ વધી રહ્યું છે. જેને ધ્યાનમાં રાખી વર્ષ ૨૦૨૧માં હવા પ્રદૂષણ પર નિયંત્રણ લાવવા વડોદરા કોર્પોરેશન અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, આરટીઓ અને ઉદ્યોગ વિભાગના અધિકારીઓની એક સંયુક્ત બેઠક પણ મળી હતી. અને હવાના પ્રદૂષણ પર સતત મોનિટરિંગ થાય તે માટે કોર્પોરેશન દ્વારા એર ક્વોલિટી મોનીટરીંગ સ્ટેશનના નિર્માણનું આયોજન હાથ ધર્યું હતું. હાલ વડોદરા શહેર જિલ્લામાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયંત્રણમાં ૮ સ્થળોએ હવાના પ્રદૂષણ નોંધના કેન્દ્ર કાર્યરત છે. જે સપ્તાહમાં બે કે ત્રણ દિવસ કાર્યરત રાખવામાં આવે છે.

કેન્દ્ર સરકારના નેશનલ ક્લીન એર પ્રોગ્રામ અંતર્ગત વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરના કારેલીબાગ પાણીની ટાંકી ખાતે પ્રથમવાર ચોવીસ કલાક કાર્યરત રહે તે પ્રમાણે રૂ.૧૦ કરોડના ખર્ચે એર ક્વોલિટી મોનીટરીંગ સ્ટેશનનું આયોજન હાથ ધર્યું હતું. જ્યારે બીજા તબક્કામાં ચારથી પાંચ સ્થળે જેમાં ઔદ્યોગિક વાણિજ્ય રહેઠાણ વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવનાર હતો. કેન્દ્ર સરકારના નેશનલ ક્લીન એર પ્રોગ્રામ અંતર્ગત વડોદરા કોર્પોરેશનને પ્રદૂષણ બોર્ડ દ્વારા કેન્દ્ર સરકારની રૂપિયા ૪૨ કરોડની સહાય મળવાની હતી.

જો કે, કેન્દ્ર સરકારે ગ્રાન્ટ આપવાનો ઈક્રાર કરી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સ્વખર્ચે એર ક્વોલિટી મોનીટરીંગ સ્ટેશન સ્થાપવા જણાવતા હાલ આ કામગીરી ટેન્ડરિંગ પ્રક્રિયા હેઠળ છે. અત્રે નોંધનીય છે કે, દરેક શહેરમાં એક એર ક્વોલિટી મોનીટરીંગ સ્ટેશન હોવું ફરજીયાત છે.

### છાશવારે અસામાજિક તત્ત્વોને પકડીને વરઘોડા કાઢવાની જાણે પ્રથા બની ગઈ

# રાજકોટ-અમદાવાદ હાઈવે પર મારામારી, છ શખસોએ એક વ્યક્તિ પર હથિયારો વડે કર્યો હુમલો

### આ અસામાજિક તત્ત્વો ખુલ્લેઆમ કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

ગુજરાતમાં છાશવારે અસામાજિક તત્ત્વોને પકડીને વરઘોડા કાઢવાની જાણે પ્રથા બની ગઈ છે.

ગુજરાત પોલીસ અને ગૃહ રાજ્યમંત્રી દ્વારા પોલીસની દમદાર કાર્યવાહીના ભાગરૂપે વરઘોડો કાઢીને અસામાજિક તત્ત્વોને સંદેશો આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. પરંતુ, આવા તત્ત્વોને પોલીસનો ડર પણ નથી અને કાયદો-વ્યવસ્થાની પરવાહ પણ નથી તેમ ખુલ્લેઆમ ફરતા જોવા મળે છે. રાજકોટમાં લુખ્ખાગીરીનો આવો જ એક વીડિયો સામે આવ્યો છે. જેમાં કેટલાંક યુવકો ધોકા અને પાઈપ વડે અન્ય વ્યક્તિઓ પર હુમલો કરતા જોવા મળે છે. આ આખીય ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. સીસીટીવી વીડિયોમાં જોવા મળે છે કે, આ અસામાજિક તત્ત્વો ખુલ્લેઆમ કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડી રહ્યા છે. આ યુવકો પાઈપ અને ધોકાથી કારમાં તોડફોડ કરી રહ્યા છે. ૫ થી ૬ જેટલાં શખસો કિશન દુધરેજીયા સહિતના વ્યક્તિઓ પર હુમલો કરી રહ્યા છે. આ સિવાય આ અસામાજિક તત્ત્વો ત્યાં પડેલી કારમાં પણ તોડફોડ કરી રહ્યાં છે. નોંધનીય છે કે, આ મામલે મયુર બોસરીયા અને તેના પિતા રેવા બોસરીયાએ અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને હુમલો કર્યો હોવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. હાલ સમગ્ર મામલે રાજકોટ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં આ અસામાજિક તત્ત્વો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

### સુલભ શૌચાલય નજીકના ઝુંપડામાં ૧૧ એપ્રિલે આગ લાગી હતી

# ગાંધીનગર ફાયર બ્રિગેડના એક જવાનનું સારવાર દરમિયાન મોત

### આ દુર્ઘટનામાં ધડાકાભેર ફાટેલા સિલિન્ડરને કારણે આગ બુઝાવવા ગયેલા ચાર ફાયર જવાનો દાઝ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર ૪માં બગીચા પાસે આવેલા સુલભ શૌચાલય નજીકના ઝુંપડામાં ૧૧ એપ્રિલ, ૨૦૨૫એ આગ લાગી હતી. આગની ઘટનાને લઈને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી અને ફાયર બ્રિગેડની ટીમ આગ બુઝાવવા ઝુંપડા તરફ ગઈ એટલામાં ગેસ સિલિન્ડર ફાટયો હતો. આ દુર્ઘટનામાં ધડાકાભેર ફાટેલા સિલિન્ડરને કારણે આગ બુઝાવવા ગયેલા ચાર ફાયર જવાનો દાઝ્યા હતા, જેથી તાત્કાલિક તેમને સારવાર અર્થે મોકલવામાં આવ્યા હતા. જ્યારે આજે શુક્રવારે (૧૮ એપ્રિલ, ૨૦૨૫) ફાયર બ્રિગેડનો એક જવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે.

ગાંધીનગરના સેક્ટર ૪માં બગીચા પાસે આવેલા સુલભ શૌચાલય નજીકના ઝુંપડામાં ૧૧ એપ્રિલે આગ લાગી હતી. ઘટનાસ્થળે ફાયર વિભાગની ટીમ પહોંચીને આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી. એટલામાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા ફાયરના મહાવીરસિંહ ચૌહાણ, રણજિત ઠાકોર, વિપુલ રબારી અને ભૂપેન્દ્ર પટેલ એમ ચાર જવાનો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

ચારેય ઘાયલ ફાયર જવાનની અમદાવાદની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. જેમાં રણજિત ઠાકોર નામના જવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઉનાવાના ઠાકોર પરિવારને ત્રણ દીકરાઓ હતા, જેમાંથી સૌથી નાનો ભાઈ રણજીત હતો.